# આત્મધર્મ

## વર્ષ ૩૧

## સળંગ અંક ૩૬૮

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

મહાવીર નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




૩૬૮

# ચેતે જ્ઞાનની ચેતના, ચલે જાય ભવપાર

અશુભકર્મનો ઉદય આવે, ચારેકોર પ્રતિકૂળતાથી ઘેરાઈ ગયા હોય,–મનમાં મુંઝવણ થતી હોય એવા વખતે શું કરવું? એમ ઘણા પૂછે છે. તેને જ્ઞાની સમજાવે છે કે હે સાધર્મી ભાઈ! હે બહાદુર મુમુક્ષુ! એવા વખતે પણ ધૈર્ય ધારણ કરીને આરાધનામાં અડગ રહેજે. પુણ્યના ઉદય વખતે જે કરવાનું છે,–પાપના ઉદય વખતે પણ તે જ કરવાનું છે. ધર્મીજીવ પુણ્યોદય વખતે પણ તેનાથી ભિન્ન આત્મતત્ત્વની ભાવના અને આરાધનામાં વર્તે છે, તેમ પાપના ઉદય વખતે પણ તેનાથી ભિન્ન આત્મતત્ત્વની ભાવના અને આરાધનામાં જ વર્તે છે. એવું નથી કે પુણ્યના ઉદય વખતે કંઈક જુદું કરવાનું ને પાપના ઉદય વખતે તેનાથી કંઈક બીજું કરવાનું હોય! ધર્મી જીવ તો તે છે કે–

પુણ્ય–પાપ જે સમ ગણે,
લ્યે ચેતનનો સ્વાદ;
કરે જ્ઞાન–અનુભવ અહો,
ચાખે સિદ્ધનો પ્રસાદ.

અળગો રહી પાપ–પુણ્યથી,
રાગ–દ્વેષથી પાર;
ચેતે જ્ઞાનની ચેતના,
ચલે જાય ભવપાર.

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૫૦૦ જેઠ ( લવાજમ : **ચાર રૂપિયા** ) વર્ષ **૩૧** : અંક નં. **૮**

# ❀ સાધર્મીજનોને સંતોની શિખામણ ❀

( ફરીને વધુ એકવાર )

૧. સૌ સાધર્મીને સરખા ગણીને બધા સાથે હળીમળીને રહેવું જોઈએ.

૨. હું મોટો ને બીજા નાના–એમ કોઈનો તિરસ્કાર ન કરવો જોઈએ.

૩. કોઈ પૈસા વધારે આપે કે ઓછા આપે–તે ઉપરથી માપ ન કરવું જોઈએ, પણ ખાનદાનીથી ને ગુણથી ધર્મ શોભે–તેમ સૌએ વર્તવું જોઈએ.

૪. મુમુક્ષુ–મુમુક્ષુમાં એકબીજાને દેખીને હૃદયથી પ્રેમ આવવો જોઈએ.

૫. ભાઈ, અત્યારે આ વાત મહાભાગ્યે અહીં આવી ગઈ છે. આ કોઈ સાધારણ વાત નથી. માટે સૌએ સંપથી, ધર્મની શોભા વધે ને પોતાનું કલ્યાણ થાય તેમ કરવું જોઈએ.

૬. એકબીજાની નિંદામાં કોઈએ ઉતરવું ન જોઈએ, એકબીજાને કાંઈ ફેરફાર હોય તો જતું કરવું જોઈએ. નજીવી બાબતમાં વિખવાદ ઉભો થાય–તે મુમુક્ષુને શોભે નહિ.

૭. સૌએ મળીને રોજ એક કલાક નિયમિત જ્ઞાનનો અભ્યાસ, શાસ્ત્રવાંચન કરવું જોઈએ. જ્ઞાનના અભ્યાસ વગર સત્યના સંસ્કાર ટકશે નહિ.

૮. અરે, તીર્થંકરદેવે કહેલો આવો આત્મા સમજવા જે તૈયાર થયો એને બહારમાં નાના–મોટાનાં માન–અપમાન શું ?

૯. આ તો પોતે પોતાના આત્માનું હિત કરી લેવાની વાત છે.

૧૦. સંસારથી તો જાણે હું મરી ગયો છું–એમ તેનાથી ઉદાસીન થઈને આત્માનું કલ્યાણ કેમ થાય તે કરવાનું છે.

[ સુંદર આત્માને સાધવા માટે આ શિખામણ સૌને ઉપયોગી છે. ]

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા
વર્ષ ૩૧
અંક ૮

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૦
જેઠ
ઈ. સ. 1974
June

# જિનશાસન.... વીતરાગતાનું જ પોષક છે

## ( ધર્મીજીવ તેમાં શોભે છે )

* જીવનું સ્વરૂપ ચૈતન્યમય છે–તે વીતરાગ છે.

* વીતરાગ–સર્વજ્ઞ થયેલ આત્મા તે જૈનશાસનમાં દેવ છે. તેમની વાણી તે આગમ છે.

* તે જિનવાણીરૂપ આગમમાં પણ વીતરાગી તાત્પર્ય જ કહ્યું છે.

–એટલે–

* જેણે રાગથી ભિન્ન વીતરાગસ્વરૂપ ચૈતન્યતત્ત્વનો અનુભવ કર્યો તેણે જ જિનવાણીને જાણી છે. એકલા રાગને જ અનુભવે તેણે જિનવાણીને જાણી નથી.

* ચૈતન્યતત્ત્વની અનુભૂતિ રાગથી પાર છે, તેમાં સમસ્ત જિનશાસન સમાય છે. જેમાં રાગના કોઈ અંશનું પોષણ થાય–તે ઉપદેશ જિનશાસનનો છે જ નહિ.

* વીતરાગ...વીતરાગ...વીતરાગ! દેવ પણ વીતરાગ; તેમની વાણી પણ વીતરાગતાની જ પોષક....ગુરુ પણ વીતરાગતાને સાધનારા ને વારંવાર તેનો ઉપદેશ દેનારા.....આવા દેવ–શાસ્ત્ર–ગુરુ ત્રણેય આત્માના વીતરાગસ્વરૂપના અનુભવનો ઉપદેશ દેનારાં છે. આવો અનુભવ કરનારા ધર્મીજીવો જિનશાસનમાં શોભે છે. ને એવા જીવોથી જિનશાસન સદા જયવંતુ વર્તે છે.

# વૈરાગ્યરસનો વરસાદ

**અષ્ટપ્રાભૃતના ભાવપ્રાભૃતમાં સમ્યક્ત્વાદિ શુદ્ધભાવસહિત ધર્મીને કેવો વૈરાગ્ય હોય તેનું અદ્ભુત વર્ણન છે. તેના પ્રવચનમાં હમણાં વૈરાગ્યની રસધાર વરસી રહી છે. જેમ આકાશમાંથી વરસતી મેઘધારા તપ્ત પૃથ્વીને શાંત કરે છે....તેમ ચૈતન્યના અસંખ્ય પ્રદેશમાં વરસતી વૈરાગ્યની રસધાર મુમુક્ષુને સંસારના આતાપ દૂર કરીને પરમ શાંતિ પમાડે છે. આપ પણ એ રસધાર ઝીલીને આત્માને શાંતરસમાં ભીંજવો.**

ચૈતન્યનો શાંતસ્વભાવ છે, તેમાં ક્રોધનો ભાવ કરવાનો સ્વભાવ જ નથી. આવા શાંતસ્વભાવને જાણીને તેની એવી શાંતિના વેદનમાં રહે કે હે જીવ! માથું કાપનાર પ્રત્યે પણ વેરની વૃત્તિ ન ઊઠે. વેરની વૃત્તિમાં તો અશાંતિ છે. ચૈતન્યની પરમ શાંતિવડે ક્રોધના દાવાનળને બુઝાવી નાંખ.

અરે મુનિ! અરે મુમુક્ષુ! તારી વૈરાગ્યદશાને તો યાદ કર! એમાં શું ક્રોધ શોભે છે? બહારમાં ગમે તેવો આકરો પ્રસંગ આવે, કડવાં વચન કાને પડે, વાઘ–સર્પ આવીને કરડતા હોય, કે માથે કલંકના આળના ઢગલા આવતા હોય, તોપણ હે મુમુક્ષુ! તેં તો તારા ક્ષમાવંત આત્માને જાણીને તેની શાંતિનો સ્વાદ ચાખ્યો છે, માટે તું તે પ્રતિકૂળતાના પ્રસંગમાં પણ ક્ષમા રાખજે, આત્માની શાંતિનું અમૃત પીજે...ક્રોધમાં સળગીશ નહીં. આહા! આવી ક્ષમાની પળ એ અપૂર્વ પળ છે. બોલવું સહેલું છે પણ અંદર એવી વીતરાગ–ક્ષમાની પરિણતિ થવી, ને પ્રતિકૂળતાના ટાણે તેની શાંતિ ટકવી– એ તો કોઈ ધન્ય પળ છે, તેમાં અપૂર્વ પુરુષાર્થ છે. પણ તે આત્માનો સ્વભાવ છે, આત્મા તે કરી શકે છે.

આવી ઉત્તમ ક્ષમા ને આત્માની શાંતિ કોણ રાખી શકે? સર્વજ્ઞના જૈનમાર્ગ અનુસાર જેણે વસ્તુનું સ્વરૂપ જાણ્યું હોય તે જ આત્માના ભાનની ઉત્તમ ભૂમિકામાં આવી ક્ષમા રાખી શકે. શુભરાગની ક્ષમા તે જુદી વાત છે ને આ ચૈતન્યની શાંતિના વેદનરૂપ ઉત્તમ ક્ષમા તે તો રાગ વગરની છે, આવી ક્ષમા તો વીરલા, આત્માના અનુભવીઓ જ રાખી શકે છે. અહા, આ તો વીતરાગમાર્ગની ક્ષમા! એ કાંઈ સાધારણ નથી, એ તો અપૂર્વ છે.

બાપુ! ક્રોધની આગમાં તો અનંતકાળથી તું બળ્યો, હવે તો તેનાથી છૂટીને અંદર ચૈતન્યની શાંતિનાં અમૃત પીવાનાં આ ટાણાં છે. જુઓને! શ્રીકૃષ્ણના ભાઈ ગજસુકુમાર, જેનું શરીર અત્યંત કોમળ છે, તે દીક્ષા લઈને આત્માના ધ્યાનમાં બેઠા બેઠા શાંતિનું વેદન કરી રહ્યા છે; ત્યાં માથું આગથી બળી રહ્યું છે, પણ એની અંતરની ચૈતન્યપરિણતિને ક્રોધાગ્નિમાં બળવા દેતા નથી. એ તો ચૈતન્યના પરમ શાંતરસમાં લીન છે. સળગાવનાર ઉપર દ્વેષનો કોઈ વિકલ્પ નથી, તેમ દેહ સળગે છે તેની કોઈ વેદના નથી, શાંતરસના વેદનમાં દુઃખ કેવા? ને ક્રોધ કેવો? એ તો શાંતિના બરફના હિમાલય વચ્ચે બેઠા છે, તેમાં ક્રોધકષાયનો કે અગ્નિનો પ્રવેશ જ નથી. અરે, શુભવૃત્તિની આકુળતાનો પણ જેમાં અભાવ છે તેમાં ક્રોધની તો વાત જ કેવી? આવી શાંતિનું વેદન ધર્મીને હોય છે.

અરે જીવ! આવી વીતરાગતાને ઓળખીને તેની ભાવના તો કર! જીવનના પરમ વૈરાગ્યપ્રસંગોને તું યાદ કર. ભાઈ, તારા ચૈતન્યની શાંતિ પાસે બહારની પ્રતિકૂળતાની શી ગણતરી છે! શાંતિ તો તારો સ્વભાવ છે, ક્રોધ કાંઈ તારો સ્વભાવ નથી. તારી શાંતિની તાકાત પાસે પ્રતિકૂળ સંયોગો તને શું કરશે? ક્ષમાના હિમાલયની ગૂફામાં બેઠો ત્યાં બહારની પ્રતિકૂળતામાં ક્રોધનો અવસર જ ક્યાં છે!

જુઓ તો ખરા! કેવો સુંદર વીતરાગતાનો ઉપદેશ છે! બાપુ! આવી વીતરાગી ક્ષમામાં આનંદ છે. પ્રતિકૂળતામાં તું ક્રોધાદિ કરે છે, પણ હે જીવ! તને તે સંયોગનું નહિ પણ તારા ક્રોધનું દુઃખ છે. ક્રોધ છોડીને તું તારી ચૈતન્યશાંતિમાં રહે તો તને કાંઈ દુઃખ નથી; ભલે પ્રતિકૂળ સંયોગ હોય, પણ ક્ષમાવંતને દુઃખ નથી.

બાપુ! સંસાર તો અસાર છે. સંસાર તરફના જેટલા અશુભ કે શુભપરિણામ તે બધા અસાર છે, ચૈતન્યતત્ત્વ તે રાગથી પાર છે તેનો બોધ કરીને, તેના વેદનની જે શાંતિ છે તે સારભૂત છે; જ્ઞાન–વૈરાગ્યની ભાવના ઉગ્ર કરીને હે જીવ! તું આવા શાંતરસનું પાન કર. કદાચ દુઃખપ્રસંગ આવી પડયો હોય તો તે વખતે પણ તીવ્ર વૈરાગ્યવડે સારભૂત

ચૈતન્યની એવી ભાવના ભાવજે કે તારા રત્નત્રયની વૃદ્ધિ થાય. પ્રતિકૂળતા આવે ત્યાં ગભરાઈ જઈશ નહીં, પણ આરાધનામાં અપૂર્વ ઉત્સાહ પ્રગટાવીને વૈરાગ્યભાવનામાં દ્રઢ રહેજે, ક્રોધની ઉત્પત્તિ થવા દઈશ નહિ, અપૂર્વ શાંતરસમાં મગ્ન રહેજે...ને દીક્ષા વગેરે પ્રસંગના પરમ વૈરાગ્યને યાદ કરીને આત્માને રત્નત્રયની આરાધનામાં પરમ ઉલ્લાસથી જોડજે. સારભૂત ચૈતન્યભાવોને જાણીને, અસારરૂપ પરભાવોને છોડજે. અરે, આ તો આરાધનાના ને સમાધિમરણના અપૂર્વ ટાણાં છે...તેમાં તારા હિતને ચૂકીશ મા.

અહો, મોક્ષના સાધક મુનિવરોની શી વાત! મોહ જેનાં મરી ગયા–એને પ્રતિકૂળતાના ભય કેવા? અમને અમારા ચૈતન્યના અનુભવમાં આનંદ છે, આનંદના વનમાં અમે ક્રીડા કરીએ છીએ, ત્યાં દુઃખ કેવું? ને પ્રતિકૂળતા કેવી? ક્રોધ કેવો? અરે, ચૈતન્યની આવી દશાને ઓળખો તો ખરા! આવી શાંતદશાની ઓળખાણ પણ અપૂર્વ છે. જગતના જીવોને એની ઓળખાણ પણ દુર્લભ છે. આત્માની આવી શાંત–વીતરાગદશાને ઓળખે તો મુમુક્ષુના પરિણામ કેટલા શાંત થઈ જાય! મોક્ષનો જેને ઉલ્લાસ, ને સંસારથી જે ઉદાસ, એને શાંતિમાંથી બહાર નીકળીને ક્રોધની બળતરામાં જવું કેમ પાલવે?

ભવ–તન–ભોગ તે અસાર છે, ને તેના વગરનો આત્મા જ સાર છે.–

* ભવ એટલે સમસ્ત પરભાવો તે ભવનું કારણ છે, તે પરભાવો અસાર છે ને ચૈતન્યનો સ્વભાવ જ સાર છે.
* તન–શરીર, તે પુદ્ગલની રચના છે, તે કઈ ક્ષણે સડી જશે કે છૂટી જશે, તેનો કોઈ ભરોસો નથી, તેના તરફની વૃત્તિઓ અસાર છે; ને શરીરથી છૂટો અસંખ્યપ્રદેશી આત્મા આનંદનું ધામ છે, તે સારભૂત છે.
* ભોગ–હરખશોકની વૃત્તિઓ તે અસાર છે; ઇંન્દ્રિયવિષયો કે શુભરાગ–તેનો ભોગવટો તે આકુળતા અને દુઃખ છે, તે અસાર છે; ચૈતન્યના આનંદનો ભોગવટો તે પરમ સુખ અને સાર છે.

આમ સાર તેમજ અસાર તત્ત્વોને જાણીને હે મુમુક્ષુ! અસાર એવા ભવ–તન–ભોગથી તું વિરક્ત થા, ને સારભૂત એવા આનંદમય આત્મતત્ત્વના શ્રદ્ધા–જ્ઞાન–રમણતાને તું અત્યંતપણે ભાવ...નિરંતર પરમવૈરાગ્યથી એવી જિનભાવનામાં તત્પર રહે.

પોતાની ચૈતન્યસંપત્તિની અપાર શાંતિને જેણે જાણી છે, તેના સ્વાદનો અનુભવ કર્યો છે, ને દેહાદિક પ્રત્યે નિર્મમતા પ્રગટ કરી છે એવા સત્પુરુષો અત્યંત કડવાં વચન

વગેરેને સમતાથી સહન કરે છે...કાંટા જેવા દુષ્ટ–ચટકીલા વચનોને પણ ક્રોધ કર્યા વગર વીતરાગભાવનાથી સહન કરી લ્યે છે. લૌકિકમાં પણ મોટા પુરુષો નિંદા વગેરે સાંભળીને ક્રોધ નથી કરતા, પણ ધૈર્ય રાખે છે...કે હોય...એ તો એમ જ ચાલે...તો પછી જેણે ચૈતન્યની શાંતિને જાણી છે એવા ધર્માત્મા–સત્પુરુષોએ તો જગતના કડવા વચન સાંભળીને પણ ક્રોધ કરવો ઉચિત નથી; ધર્માત્માને વૈરાગ્યરસની શાંતિના ફૂવારા ઊછળી જાય છેઃ અરે આ જગતની સ્થિતિ! અજ્ઞાનીઓ નિંદા કરે તેથી મને શું? મારી શાંતિ તો મારા આત્મામાં છે. આ સંસાર તો પરમ વૈરાગ્ય કરવા જેવો છે. ભાઈ! દુનિયાની લાલચમાં લલચાઈને, કે દુનિયાની નિંદાથી ગભરાઈને તારા વૈરાગ્યને તું ભૂલીશ નહિ...તારી શાંતિના માર્ગથી તું ડગીશ નહીં...પણ ઉલ્ટું વૈરાગ્યભાવનાને દ્રઢ કરજે. મનથી–વચનથી કે કાયાથી તું દુશ્મન ઉપર પણ ક્રોધ થવા દઈશ મા; ક્ષમા ધારણ કરજે. બહારનો અગ્નિ તારા ગુણોને બાળી નહીં શકે, પણ ક્રોધનો અગ્નિ તો તારા ક્ષમાગુણને બાળી નાંખશે. માટે તું ક્રોધથી દૂર રહેજે ને તારા ક્ષમાદિ ગુણોની રક્ષા કરજે. ક્ષમાના શીતળ જળની વર્ષા વડે તું ક્રોધના દાવાનળને ઠારી નાંખજે.

પહેલાં તો સત્ય જ્ઞાન કરવું જોઈએ કે ક્રોધ તે દુઃખ છે, ને આત્માનો ચેતનસ્વભાવ ક્રોધાદિ વગરનો છેઃ મારો ચેતનસ્વભાવ અનંતી શાંતિની સંપદાથી ભરેલો છે–આમ નિજસંપદાના ભાનવડે જ સાચી ક્ષમા પ્રગટે છે. ક્ષમા માટે, જગતની સામે જોવાનું છોડીને (–આણે મારું આમ અહિત કર્યું.–એવા ક્રોધને છોડીને) તું તારા નિજગુણની મહાન સંપદાને સંભાળજે. અરે, હું આવી મહાન સંપદાવાળો,–વીતરાગતા ને સર્વજ્ઞતાથી ભરેલો મહાન આત્મા, તેમાં મને આવી ક્રોધાદિ તૂચ્છ વૃત્તિઓ શોભતી નથી. જેમ મોટા હાથી પાછળ કૂતરાં ભસે તેથી કાંઈ હાથી તેની સામે લડવા ન જાય, એ તો પોતાની મસ્ત–મલપતી ચાલે ચાલ્યો જાય છે. તેમ ધર્મીજીવો જગતપ્રત્યે પરમ વૈરાગ્યપૂર્વક ચૈતન્યની નિજમસ્તીમાં મસ્તપણે પોતાના વીતરાગમાર્ગમાં આનંદથી ચાલ્યા જાય છે, ત્યાં જગતમાં કોણ નિંદા કરે છે કે કોણ પ્રશંસા કરે છે તે જોવા રોકાતા નથી; આત્માને સાધવાની ધૂનમાં જગત સામે જોવામાં કે રાગ–દ્વેષ–કરવામાં કોણ રોકાય? બાપુ! તું મુમુક્ષુ! તને આવું ન પાલવે.

ભાઈ! પ્રતિકૂળતા ટાણે પણ તારા વૈરાગ્યને તું પુષ્ટ કરજે. ઢીલો થઈશ નહીં. જીવનમાં ચૈતન્યના કોઈ પરમ મહિમાની ભાવના જાગી હોય, કોઈ પરમ વૈરાગ્યનો પ્રસંગ બન્યો હોય, મરણ થઈ જાય એવો કોઇ અકસ્માત, રોગ વગેરે પ્રસંગ બની ગયો હોય

ને તેમાંથી બચી ગયો હોય,–એવા પ્રસંગોને યાદ કરીને વૈરાગ્યની ધૂનનો આહ્‌લક જગાડજે ને તારી શુદ્ધતાને વધારજે.

વળી હે મુમુક્ષુ! તારા વૈરાગ્યની વૃદ્ધિ માટે, જીવનમાં કોઈ મુનિવગેરેના મહાન ઉપદેશની ધન્ય પળે જાગેલી ઉત્તમ આત્મભાવનાને યાદ કરજે; અથવા પોતાના અંતરમાં ચૈતન્યસ્વરૂપના આનંદની કોઈ અપૂર્વ ઉર્મિઓ કોઈ ધન્યપળે જાગી હોય–એને યાદ કરીને તારા આત્માને ઉલ્લાસિત કરજે. તીર્થયાત્રામાં કોઈ વિશેષ ભાવનાઓ જાગી હોય, કોઈ ધર્માત્મા સાથે આત્માની અનુભૂતિની ઊંડી ચર્ચા થઈ હોય, કે કોઈક ધન્યપળે અંદર આત્માની ધૂનમાં કોઈ પરમ ચૈતન્યભાવો ખીલી ગયા હોય, શ્રદ્ધા–જ્ઞાનમાં ભગવાન આત્મા ખુલ્લો થયો હોય–એવી અનુભૂતિની ધન્યપળોને ફરીફરી યાદ કરીને તારા આત્માનો પુરુષાર્થ જગાડજે...ને રત્નત્રયની શુદ્ધતા વધારજે.

વાહ રે વાહ! જુઓ તો ખરા! આ વીતરાગમાર્ગનો ટંકણખાર જેવો ઉપદેશ! આ તો શૂરવીરોનો મારગ છે. જગતને એકકોર મુકીને અંદર આનંદથી છલોછલ ભરેલા ચૈતન્યસરોવરમાં ઊતરવાની આ વાત છે. પરમ શાંતિનો આ માર્ગ છે. ‘માંહી પડયા તે માણે મોજ ’ એવો આ માર્ગ છે. અરે જીવો! આવો રે આવો! આવા સુંદર માર્ગમાં આવો...ને આત્માની શાંતિનો સ્વાદ લ્યો.

## અડગ રહેજો

હે જીવ! ગમે તેવી પ્રતિકૂળતા આવે, સંસારનાં દુઃખનો ઘેરો ચારેકોર આવી પડે, પરંતુ વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે કદી અનાદર કરીશ નહીં, તેમના પ્રત્યેના પરમ ઉલ્લાસમાં અને વિનયમાં જરાય ભંગ પડવા દઈશ મા...તેમણે બતાવેલા તારા હિતપંથને ધ્રુવપણે વળગી રહેજે...માર્ગથી ડગીશ મા...ઢીલો પણ થઈશ મા...બસ, માર્ગમાં તારી આ અડગતા તને બધી પ્રતિકૂળતા વચ્ચેથી પણ રસ્તો કરીને તારું આત્મહિત પ્રાપ્ત કરાવશે.

# સમ્યક્ત્વનાં પરમગુણ જાણીને તેની આરાધના કર.
# મિથ્યાત્વનાં મહાદોષ જાણીને તેનું સેવન છોડ.

**( વીર સં. ૨૫૦૦ વૈશાખ વદ છઠ્ઠના પ્રવચનમાંથી )**

[ મોક્ષપ્રાભૃત ગાથાઃ ૯૬–૯૭ તથા કલશટીકાઃ કળશ ૩૨ ]

આજે સોનગઢના સમવસરણમાં ભગવાનની પ્રતિષ્ઠાનો મંગલદિવસ છે. સમવસરણમાં ભગવાને શું કહ્યું–તે વાત કુંદકુંદાચાર્યદેવ બતાવે છે. આચાર્યદેવે, આત્માની પ્રતીતિરૂપ સમ્યક્ત્વથી થતું મહાન અતીન્દ્રિય સુખ બતાવ્યું, અને મિથ્યાત્વના સેવનથી થતું ભવભ્રમણનું મહાન દુઃખ પણ બતાવ્યું; સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું આવું ફળ જાણીને, હવે એવો કોણ હોય કે જે મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વનું ગ્રહણ તરત જ ન કરે? ઝેર અને અમૃત બંનેનો તફાવત જાણીને એવો કોણ હોય કે જે અમૃતને ન પીએ! ને ઝેરને તરત જ ન છોડે! તેમ સમ્યક્ત્વ–સેવનના અનંતગુણો કહ્યા અને મિથ્યાત્વથી થતા અનેક દોષો બતાવ્યા, તે સમ્યક્વના મહાનગુણોને અને મિથ્યાત્વના મહાન દોષોને જે જાણે છે તે તરત જ મિથ્યાત્વનું સેવન છોડે છે ને સમ્યક્ત્વની આરાધના કરે છે.

હે ભવ્ય! સમ્યક્ત્વનાં ગુણો અને મિથ્યાત્વનાં દોષો–એ બંનેનું સ્વરૂપ અમે બતાવ્યું, તે વિચારીને હવે તું જે રૂચે તે કર.–અમે વિશેષ શું કહીએ! ‘જે રૂચે તે કર ’ એટલે કાંઈ મિથ્યાત્વ રુચે તો મિથ્યાત્વ કર–એવો તેનો ભાવ નથી; પણ આચાર્યદેવને ખાતરી છે કે, સમ્યક્ત્વના આવા ગુણો અમે બતાવ્યા અને મિથ્યાત્વના આવા દોષો બતાવ્યા,–તે ગુણ–દોષોને જે જાણે તેને મિથ્યાત્વભાવ સ્વપ્ને પણ રુચે જ નહિ, ને સમ્યક્ત્વનું સેવન જ રુચે; એટલે તે તો આ ગુણ–દોષોને જાણતાં વેંત જ મિથ્યાત્વનું સેવન છોડીને, સમ્યક્ત્વનું આરાધન કરશે. ગુણ–દોષ જેણે જાણ્યા, તેને કહેવું નહિ પડે કે તું દોષ છોડ ને ગુણની રુચિ કર! સમ્યક્ત્વાદિ ગુણની રુચિ કરે ને મિથ્યાત્વાદિ દોષની રુચિ છોડે, તેણે જ ખરેખર ગુણ–દોષને જાણ્યા છે.

અરે જીવ! મિથ્યાભાવના સેવનથી તું કેવો દુઃખી થયો–તે જાણીને હવે તો તેનું સેવન છોડ...સ્વપ્ને પણ તેનું સેવન ન કર. અને સર્વપ્રકારે સમ્યક્ત્વનો અપાર

મહિમા જાણીને તેને ભજ....સ્વપ્ને પણ તેમાં દોષ ન લગાડ. અધિક શું કહીએ? જિનેન્દ્રદેવે સમવસરણમાં જે ઉપદેશ દીધો તેનો સાર આ જ છે કે સમ્યક્ત્વાદિની આરાધના કર, ને મિથ્યાત્વનું સેવન સર્વ પ્રકારે છોડ.

આજે (વૈશાખવદ છઠ્ઠે) સોનગઢના સમવસરણમાં સીમંધરભગવાનની પ્રતિષ્ઠાનો દિવસ છે; સમવસરણમાં ભગવાને શું ઉપદેશ દીધો તેની આ વાત છે. જેણે સમ્યક્ત્વની આરાધના કરી તેણે દિવ્યધ્વનિનો સર્વ સાર જાણી લીધો.

અહો, ચૈતન્યતત્ત્વ શાંત–સમભાવરૂપ છે; તેની શાંતિનો સ્વાદ જેણે ચાખ્યો નથી, શાંતસ્વરૂપ આત્માને જેણે જાણ્યો નથી, ને બહારમાં દિગંબર–મુનિદશા ધારણ કરીને નિર્ગ્રંથપણે વર્તે છે તો તેથી તેને શું સાધ્ય છે? ચૈતન્યની શાંતિ તો મળી નહિ–તો તેનાં વ્રતાદિ શું કામના છે? બહારનો પરિગ્રહ છોડયો પણ અંદર મિથ્યાત્વને ન છોડયું, શુભરાગ કર્યો પણ વીતરાગી શાંતિનો સ્વાદ ન ચાખ્યો–તો તે જીવને બાહ્ય ત્યાગથી કે શુભરાગથી શું લાભ થયો? ઉલ્ટું તેનાથી લાભ માનીને તે જિનમાર્ગનો વિરાધક થયો. બાપુ! મિથ્યાત્વરૂપી ઝેરનું સેવન તારા જ્ઞાન–ચારિત્રને પણ ઝેરરૂપ બનાવી દેશે,–માટે એવા મિથ્યાત્વરૂપી ઝેરને તું દૂરથી જ છોડ; ને સમ્યકત્વરૂપી અમૃતનું તું શીઘ્ર પાન કર. સમ્યક્ત્વ થતાં અનંતગુણોની શુદ્ધતા સ્વયમેવ પ્રગટે છે. આવા સમ્યક્ત્વની આરાધના કરનાર જીવને ભવસમુદ્રનો કાંઠો આવી ગયો છે, તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂરવીર છે, પંડિત છે, તેનું મનુષ્યપણું સફળ છે,–તે મોક્ષના માર્ગમાં છે.–આમ કહીને કુંદકુંદસ્વામીએ પણ સમ્યગ્દ્રષ્ટિની પ્રશંસા કરી છે.

**માટે હે ભવ્યજીવો! પરમભક્તિપૂર્વક તમે સમ્યક્ત્વની આરાધના કરો...ને મિથ્યાત્વને હવે તો છોડો.**

## બધાય જીવો આત્માનો અનુભવ કરો ને! ચૈતન્યસમુદ્ર આનંદમય શાંતરસથી ઊછળી રહ્યો છે.

સમયસાર કળશ ૩૨માં આત્માનો અનુભવ કરવાનું ને તેના શાંતરસમાં મગ્ન થવાનું કહે છે–હે જીવો! આ ચૈતન્યસમુદ્ર ભગવાન આત્મા પોતાના શાંતરસથી

ઉલ્લસી રહ્યાં છે...મોહનો પડદો દૂર કરીને તેને દેખો...ને શાંતરસથી ઊછળી રહેલા જ્ઞાનસમુદ્રમાં લીન થાઓ.

અહા, ચૈતન્યનો શાંતરસ...જેમાં રાગના કોઈ વિકલ્પનું કર્તાપણું નથી, રાગ વગરનો ચૈતન્યસ્વાદ જેમાં વેદાય છે...એવા શાંતરસનો સમુદ્ર આત્મામાં જ ભર્યો છે. જેને આત્માના આવા શાંતરસનો અનુભવ થયો છે, આત્માનું અતીન્દ્રિયસુખ અનુભવમાં આવ્યું છે, તે ધર્મી જીવ પ્રમોદથી ભાવના કરે છે કે અહો ! જગતના બધાય જીવો આવા સુખનો અનુભવ કરો ને ! આત્માના શાંતરસમાં બધાય જીવો મગ્ન થાઓને !

ભગવાન આત્મા જ્ઞાનનો સમુદ્ર, તે અતીન્દ્રિયસુખથી ભરેલો ગંભીર છે; બધાય જીવોમાં આવો સ્વભાવ છે, માટે બધાય જીવો એકસાથે તેનો અનુભવ કરો ને ! પોતાને જે અનુભવ થયો છે તેના મલાવા કરે છે. એક માત્ર મોહરૂપી પડદો આડો છે તેને ભેદજ્ઞાન વડે દૂર કરતાં જ મહા ચૈતન્યસમુદ્ર આનંદમય શાંતરસથી ઊછળી રહ્યો છે–તે સાક્ષાત્ અનુભવાય છે. હે જીવો ! તમે બધા આવો અનુભવ કરો ને !

રાગમાં લીન થઈને દુઃખનો જ અનુભવ અત્યાર સુધી અજ્ઞાનભાવે કર્યો, હવે ભેદજ્ઞાન પ્રગટ કરી, રાગ સાથે એકતાબુદ્ધિને છોડીને, રાગ વગરનું અતીન્દ્રિયસુખ જેમાં ભરેલું છે એવા શાંતરસનો અનુભવ કરો. અહા, સમ્યક્ત્વ થતાં જે અપૂર્વ શાંતિ થાય છે તેમાં પરમ અતીન્દ્રિયસુખની ગંભીરતા ભરી છે, અનંતગુણની શાંતિનો રસ તેમાં વેદાય છે. ભગવાન આત્મા પોતે પ્રગટ થઈને આવા શાંતરસરૂપ પરિણમ્યો. આ શાંતરસ ત્રણલોકમાં સર્વોત્કૃષ્ટ છે. જીવનું આવું શુદ્ધસ્વરૂપ અમે બતાવ્યું, ઘણા પ્રકારે યુક્તિથી તેમજ અનુભવથી બતાવ્યું; તો તે જાણીને બધા જીવો તેવો અનુભવ કરો...અનુભવનો આ અવસર છે, માટે આજે જ અનુભવ કરો.

અરે, ક્યાં કષાયના વેદનની અશાંતિ ! ને ક્યાં આ ચૈતન્યના શાંતરસનું વેદન ! શું એનો અત્યંત ભેદ તને નથી દેખાતો !–બંનેનો ભેદ જાણીને સંસારના કલેશથી છૂટવા આ શાંતરસમાં આવ ને ! અરે જીવ ! હજી ક્યાંસુધી અપ્રતિબુદ્ધ રહેવું છે ! હવે તો પ્રતિબુદ્ધ થા, ને આત્મામાં સન્મુખ થઈને શાંતરસનું પાન કર ! તારી અશાંતિ મટી જશે, ને અતીન્દ્રિયસુખથી ભરેલી શાંતિનો દરિયો તારામાં ઉછળશે. સમ્યગ્દર્શન થતાં જ આવી અપૂર્વ શાંતિનો તને અનુભવ થશે. તો જગતની સામે જોવાનું છોડ, ને સ્વસન્મુખ થઈને આવા શાંતરસનો અનુભવ કર.

વાહ રે વાહ! જુઓ તો ખરા, સંતોએ કેવી કરુણાથી આત્માના શાંતરસના અનુભવની પ્રેરણા કરી છે! અહા, હવે કોને અનુભવ ન થાય! બધા જીવો એટલે કે જે કોઈ આવો ઉપદેશ સાંભળવા વિદ્યમાન છે તે બધા જીવો ભેદજ્ઞાન કરીને આવા આત્માનો અનુભવ કરો...ને શાંતરસમાં મગ્ન થાઓ. આત્માનો શાંતરસ એ જગતના બધા રસોમાં સર્વોત્કૃષ્ટ છે. રાગમાં–પુણ્યફળમાં કે જડમાં તે શાંતરસની ઝાંઈ પણ નથી, તે તો લોકોત્તર, અતીન્દ્રિય આત્મરસ છે; ઇન્દ્રિયોવડે કે ઇન્દ્રિયજ્ઞાનવડે પણ તે રસનો સ્વાદ આવી ન શકે. અતીન્દ્રિયજ્ઞાન વડે જે અનુભવમાં આવે છે એવો આ મહાન શાંતરસ, આત્મામાં ભરેલો છે, તેને સ્વન્મુખ થઈને હે જીવો! તમે આનંદથી અનુભવમાં લ્યો.

[ સમવસરણની ધર્મસભામાં તીર્થંકર ભગવંતોએ આવા શાંતરસમય આત્માના અનુભવનો જ ઉપદેશ આપ્યો છે. અને, આજે–સોનગઢમાં સમવસરણની પ્રતિષ્ઠાના દિવસે એ જ ઉપદેશના ભણકાર શ્રીગુરુપ્રતાપે સાંભળવા મળે છે...તો હે મહા ભાગ્યવાન સાધર્મી જીવો! તમે બધા આવા શાંતરસમય આત્માનો અનુભવ કરો ને! બધાય જીવોએ આવો અનુભવ કરવા જેવો છે. અને તેમાં પણ અત્યારે તો મહાવીર ભગવાનના નિર્વાણ મહોત્સવનું આ અઢીહજારમું મહાન વર્ષ ચાલી રહ્યું છે,–તેમાં જરૂર આત્માનો અનુભવ કરો. એ જ વીરનો પંથ છે...એ જ મહાવીરનો મહોત્સવ છે. ]

## પ્રભુના ઉજળા માર્ગમાં રાગ કેમ શોભે ?

**જિનમાર્ગમાં તો વીતરાગતાની કિંમત છે, રાગની કિંમત નથી.**

**રાગની કિંમત સંસારમાર્ગમાં છે, મોક્ષમાર્ગમાં નહીં.**

ભગવાનનો માર્ગ તો વીતરાગતાથી ઉજળો છે-શોભતો છે; અરે, આવા ઉજ્વળમાર્ગમાં રાગનો મેલ કેવો? રાગ તો મલિનતા છે, એનાથી તે કાંઈ માર્ગની શોભા હોય? રાગનો કોઈ અંશ વીતરાગ જિનમાર્ગમાં શોભતો નથી. હે ભાઈ! જો તું રાગને સારો માનીશ તો વીતરાગમાર્ગમાં ચાલી નહીં શકાય. વીતરાગમાર્ગમાં તો વીતરાગભાવથી જ ચાલી શકાય છે.

# ધર્મીને મજા છે

**ભાઈ, ધર્મીને તો મજા જ હોય ને! પણ તે મજા શેની છે? કાંઈ રાગની કે પુણ્યની એ મજા નથી, એ મજા તો ચૈતન્યના અનુભવના આનંદની છે. તે અનુભવમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. એક સત્ત્વમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે વ્યવહાર છે; અને અભેદરૂપ એક શુદ્ધ સત્ત્વની અનુભૂતિ તે પરમાર્થ છે. આત્મા પરથી જુદો છે, પણ પોતાના ગુણ-પર્યાયથી જુદો આત્મા નથી.**

**(સમયસાર-કલશ ૪૮-૪૯)**

સમ્યગ્દર્શન થતાં જીવ પોતે પોતાની મેળે શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ થયો; તે આનંદમય અનુભવમાં પોતાના સ્વરૂપ સિવાય કોઈની અપેક્ષા નથી; રાગનું કે ગુરુઉપદેશનું અવલંબન સ્વરૂપના અનુભવમાં નથી. રાગને કાળે ઉપદેશાદિનું આલંબન હોય પણ શુદ્ધસ્વરૂપની અનુભૂતિમાં તે નથી. આવી અનુભૂતિથી ધર્મીનો આત્મા શોભે છે. આવા અનુભવશીલ ધર્માત્મા શુભ-અશુભ સર્વ પ્રસંગે, જ્ઞાનને ભિન્ન રાખીને ચૈતન્યની શાંતિને વેદે છે. રાગના વેદનને દુઃખરૂપ જાણે છે ને ચૈતન્યના શાંતરસને વેદે છે.

કોઈ કહે-ધર્મીને તો ભારે મજા! રાગ પણ કરે ને ધર્મ પણ થાય!

-ભાઈ, ધર્મીની દશા ઊંડી છે; ધર્મીને તો મજા જ હોય ને!-પણ એ મજા કાંઈ રાગની કે પુણ્યની નથી, એ મજા તો ચૈતન્યના અનુભવના આનંદની છે. પણ એવો અનુભવ કોઈ વિરલા ધર્માત્મા કરે છે. અજ્ઞાની રાગમાં ને વિષયોમાં મજા માને છે, તે સાચી મજા નથી, તે તો દુઃખ છે.

અહા, આ સર્વજ્ઞસ્વભાવી, રાગ વગરનું ચૈતન્યતત્ત્વ, તેમાં કલેશ કેવો? ને દુઃખ કેવું? ચૈતન્યતત્ત્વ પોતે સુખરૂપ છે, તેથી તેની અનુભૂતિ થતાં આત્મા પોતે સુખરૂપ થઈ જાય છે, તેને દુઃખ રહેતું નથી. સુખસ્વભાવી વસ્તુ-તેમાં તન્મયતાથી તો

સુખ જ હોયને! સ્વભાવનું જેટલું અવલંબન છે તેટલી તો કલેશથી નિવૃત્તિ જ છે; પર્યાયમાં જેટલું દુઃખ છે તેટલું પરનું અવલંબન છે. પણ તે જ વખતે સુખની ધારા સ્વભાવના અવલંબને ધર્મીને ચાલુ છે. બંને ભાવને ધર્મી જેમ છે તેમ જાણે છે.

## એક સત્ત્વ, તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે વ્યવહાર; અભેદસત્ત્વની અનુભૂતિ તે પરમાર્થ

જુઓ, કેવા વસ્તુસ્વરૂપના વિચારથી ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે તેની વાત સ્પષ્ટ સમજાવે છે; વસ્તુને પોતાના સમસ્ત ગુણ–પર્યાયો સાથે વ્યાપ્ય–વ્યાપકતારૂપ એક સત્ત્વપણું હોય છે; દ્રવ્ય–ગુણ–પર્યાય એ ત્રણેને એક સત્ત્વપણું છે; એક સત્ત્વમાં ભેદ પાડીને પરસ્પર વ્યાપ્ય–વ્યાપકપણું કહેવામાં આવે છે–તેટલો વ્યવહાર લીધો, પણ રાગાદિ સાથે શુદ્ધવસ્તુને વ્યાપ્ય–વ્યાપકતા ભૂતાર્થદ્રષ્ટિમાં નથી. શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે ચેતનભાવરૂપ જ્ઞાતા–દ્રષ્ટા છે, તેમાં આત્માને વ્યાપ્ય–વ્યાપકતા છે, એક અભેદ સત્ત્વમાં આટલો ભેદ પાડવો તે પણ વ્યવહાર છે; ત્યાં રાગાદિના કર્તૃત્વરૂપ અશુદ્ધતાની વાત તો ક્યાં રહી? રાગના કર્તૃત્વરહિત થયેલા એવા શુદ્ધચેતનાભાવમાં સ્થિતપણે આત્મા શોભે છે. શુદ્ધચેતનભાવરૂપ એક અભેદ સત્ત્વનો અનુભવ તે પરમાર્થ છે.– આવી અનુભૂતિવડે જ્ઞાની થતાં જીવને મિથ્યાત્વાદિ પરભાવોનું કર્તૃત્વ છૂટી જાય છે. સમ્યક્ત્વસૂર્ય ઊગ્યો ત્યાં મિથ્યાત્વ અધંકાર મટયો.

ચૈતન્યભાવરૂપ શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયમય એક અભેદ સત્ત્વ આત્મા તે નિશ્ચય; તે ભૂતાર્થ; તે અભેદમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ ઉપજાવવા તે વ્યવહાર, તેના આશ્રયે એક અભેદ શુદ્ધવસ્તુ અનુભવમાં નથી આવતી પણ વિકલ્પ થાય છે, માટે તે અભૂતાર્થ છે. સોનામાં મેલ તે તો જુદો, પણ એક સોનામાં પીળાશ–વજન વગેરે ભેદ કહેવા તે વ્યવહાર, ને પીળાશ વગેરેનું સત્ત્વ સોનાથી જુદું પડતું નથી, પણ એક સત્ત્વ છે, એટલે તેનો ભેદ ન પાડતાં–સોનું તે સોનું જ છે–એ ભૂતાર્થ છે. તેમ ચૈતન્યવસ્તુ એક આત્મા, તે ચૈતન્યવસ્તુમાં કર્મ કે રાગની તો વાત નથી, તેનાથી તો ચૈતન્યતત્ત્વ જુદું છે; પણ એક ચૈતન્યવસ્તુમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ કહેવા તે વ્યવહાર; અને દ્રવ્ય–ગુણ–પર્યાયનું સત્ત્વ એક શુદ્ધ ચેતનવસ્તુથી જુદું નથી પણ એક સત્ત્વ છે, એટલે તેનો ભેદ ન પાડતાં 'જ્ઞાયક તે જ્ઞાયક' એવો અભેદમાત્ર અનુભવ તે ભૂતાર્થ છે, તે નિશ્ચયદ્રષ્ટિ છે, તે સમ્યગ્દ્રષ્ટિનો વિષય છે; આમ વસ્તુસ્વરૂપ વિચારતાં ભેદજ્ઞાન થાય છે, ને ભેદ–વિકલ્પો છૂટીને ચેતનવસ્તુનો સાક્ષાત્ અનુભવ જેમ

છે તેમ થાય છે. આનાથી વિપરીત વસ્તુસ્વરૂપ વિચારે તેને કદી ભેદજ્ઞાન કે આત્મઅનુભવ થાય નહિ.

જુઓ, સરસ ખુલાસો કર્યો છે–જે વિચારતાં ભેદજ્ઞાન થાય છેઃ 'સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ–વિકલ્પો તથા એક દ્રવ્યરૂપ વસ્તુ, તે એક સત્ત્વરૂપ વસ્તુમાં હોય છે. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણ પીળું–ભારે–ચીકણું એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે. તેમ જીવદ્રવ્ય જ્ઞાતા–દ્રષ્ટા એમ ભેદ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે. એ પ્રમાણે એક સત્ત્વમાં વ્યાપ્ય–વ્યાપકતા હોય છે; અર્થાત્ ભેદ કરવામાં આવે તો વ્યાપ્ય–વ્યાપકતા કહેવામાં આવે છે, પણ અભેદ વસ્તુના અનુભવમાં 'આ વ્યાપ્ય ને આ વ્યાપક' એવા ભેદ રહેતા નથી; ચૈતન્યવસ્તુમાત્ર એક સત્ત્વ અનુભવાય છે. પોતામાં આ દ્રવ્ય–કર્તા ને આ શુદ્ધપર્યાય તેનું કર્મ,–એવો ભેદ પાડવો તે વ્યવહાર છે, પણ પર સાથે તો વ્યવહારથીયે કર્તાકર્મપણું નથી. બસ, શુદ્ધવસ્તુમાં અભેદમાં ભેદ ઉપજાવવો તેટલો વ્યવહાર અહીં લીધો, તે સિવાય અશુદ્ધતા કે કર્મ સાથે તો શુદ્ધતત્ત્વને કાંઈ સંબંધ ન લીધો, તેનાથી તો ભિન્નતા જ છે. શુદ્ધચેતનભાવને રાગાદિ સાથે કર્તાકર્મપણું કે વ્યાપ્ય–વ્યાપકપણું નથી, એની તો જાત જ જુદી છે, તેથી તેનું સત્ત્વ જ જુદું ગણ્યું. શુદ્ધ ચૈતન્યસત્ત્વના અનુભવમાં તે રાગાદિનો અભાવ જ છે. આવા પોતાના શુદ્ધસત્ત્વનો અનુભવ કરતાં ભવના અંત આવે છે, ને અતીન્દ્રિય ચૈતન્યશાંતિ અનુભવાય છે.

એક ચૈતન્યવસ્તુમાં દ્રવ્ય–પર્યાયના ભેદ પાડીને, આ કર્તા–આ કર્મ એવા ભેદ કરવામાં આવે તો વ્યવહારથી થાય છે, ને ભેદ ન કરવામાં આવે તો નથી થતા, એટલે કે અભેદ વસ્તુમાત્ર અનુભવાય છે, તે નિશ્ચય છે. એક વસ્તુમાં તેના દ્રવ્ય–પર્યાયના ભેદ પાડીને તેમાં વ્યાપ્ય–વ્યાપકપણું કહી શકાય, પણ અન્ય વસ્તુને અન્ય વસ્તુ સાથે તો કોઈ રીતે વ્યાપ્ય–વ્યાપકતા કહી શકાતી નથી, કેમ કે બંને સત્ત્વ જ જુદા છે. એ જ રીતે ચૈતન્યભાવને રાગભાવ સાથે વ્યાપ્ય–વ્યાપકભાવ નથી, એટલે કર્તા–કર્મપણું પણ નથી, બંનેની જાત જુદી છે. તેથી સત્ત્વ જુદા છે. આ પ્રમાણે ભેદજ્ઞાન વડે ધર્મીજીવ વિકાર અને પરદ્રવ્યોથી શુદ્ધ ચૈતન્યવસ્તુને જુદી અનુભવે છે; ને અભેદના અનુભવ ટાણે દ્રવ્ય–પર્યાયના ભેદનો વિચાર પણ રહેતો નથી. આવો અનુભવ કરનાર ધર્માત્મા, રાગાદિના કર્તૃત્વથી રહિત થયો થકો મોક્ષમાર્ગમાં શોભે છે.

–માટે આવો અનુભવ કર્તવ્ય છે.

# શબ્દથી પેલે પાર સીધું સંવેદન

## ❁ આત્મસ્વરૂપ શ્રવણમાત્ર ન રાખીશ; અનુભવગમ્ય કરજે. ❁

સાહિત્યમાં એમ માનવામાં આવે છે કે હજારો શબ્દોની અસર કરતાં એક ચિત્રની વધુ અસર છે; તેમજ હજારો શબ્દો કરતાં એક સીધા સ્પર્શની અસર વધુ છે. ચારેકોરના દુઃખમાં મુંઝાઈ રહેલા કોઈ માનવીને કલાકો સુધી સહાનુભૂતિના હજારો મીઠા શબ્દોથી જે સાંત્વન મળે છે, તેના કરતાં વહાલપૂર્વક તેના માથે કે વાંસામાં હાથ પંપાળતાં તેને વધુ સાંત્વન મળશે...ત્યાં શબ્દની જરૂર નહીં પડે...તેમ...

અચિંત્ય મહિમાવંત આત્મસ્વરૂપ, તેનું ગમે તેટલું વર્ણન હજારો શબ્દો દ્વારા વાંચવા કે સાંભળવામાં આવે તોપણ તે પૂરું સ્પષ્ટ લક્ષગત થઈ શકતું નથી, પણ જ્યારે અંતરના જ્ઞાનવડે તે ચૈતન્યતત્ત્વનો સીધો સ્પર્શ એટલે કે અનુભવ કરવામાં આવે ત્યારે તે સ્વરૂપ સ્પષ્ટ લક્ષગત થાય છે. ચૈતન્યસ્વરૂપનું સાચું વર્ણન કરનારા શાસ્ત્રના હજારો શબ્દો વાંચવામાં આવે કે જ્ઞાની પાસેથી વર્ષો સુધી સાંભળવામાં આવે, પરંતુ જ્ઞાન જ્યારે અંતર્મુખ થઈ, શબ્દાતીત થઈ, અંતરમાં આત્માને સીધું સ્પર્શે ત્યારે જ તેનો સાચો અનુભવ થાય છે. આથી જ કહ્યું છે કે–

**હજારો વર્ષના શાસ્ત્રજ્ઞાન કરતાં એક ક્ષણનું અનુભવજ્ઞાન શ્રેષ્ઠ છે.**

હજારો શબ્દોનું શાસ્ત્રજ્ઞાન જે આનંદ નથી આપી શકતું તે આનંદ એક ક્ષણનું અનુભવજ્ઞાન આપે છે. તે અનુભવમાં શબ્દની જરૂર રહેતી નથી.

જેમ અગ્નિની ઉષ્ણતાનું વર્ણન, કે બરફની ઠંડકનું વર્ણન, શબ્દોથી ભલે ગમે તેટલું સાંભળીએ પણ અગ્નિ કે બરફના સીધા સ્પર્શથી ગરમી કે ઠંડીનું જેવું સાક્ષાત્ વેદન થાય છે તેવું શબ્દો સાંભળવાથી કે વાંચવાથી નથી થતું. એમ અદ્ભુત ચૈતન્યતત્ત્વના મહા આનંદનું વર્ણન હજારો વર્ષો સુધી હજારો શબ્દો વડે વાંચીને કે

સાંભળીને, જે જાણપણું થાય, તેના કરતાં શબ્દથી પાર એવા જ્ઞાનને સ્વસન્મુખ કરતાં તેનું જે સ્પષ્ટ–પ્રત્યક્ષ જ્ઞાન અને મહા આનંદનું વેદન થાય છે, તે કોઈ જુદી જાતનું છે. શબ્દજ્ઞાન (શાસ્ત્રજ્ઞાન) ગમે તેટલું હોય તોપણ તે ઇંદ્રિયજ્ઞાન છે; અતીન્દ્રિયપદાર્થને જાણવાની કે વેદવાની મહા તાકાત તેનામાં કદી આવતી નથી; તે તાકાત તો ઇંદ્રિયાતીત સ્વસંવેદનજ્ઞાનમાં જ છે.

જેમ કુંવારી સ્ત્રી, પ્રસૂતિની વેદનાનું ગમે તેટલું વર્ણન વાંચે કે બીજા અનુભવી પાસેથી સાંભળે, પણ પ્રસૂતિવેદનાનો ખરો ખ્યાલ પોતાને જ પ્રસૂતિ થતાં જેવો આવે તેવો વાંચવા કે સાંભળવાથી તો ન જ આવે. જાત અનુભવથી ખ્યાલ આવે તેવો શબ્દોથી નથી આવતો. તેમ અનુભવના મહા આનંદનું વર્ણન જ્ઞાની–અનુભવી પાસેથી ગમે તેટલું સાંભળો કે અનુભવજ્ઞાનના ગમે તેટલા શાસ્ત્રો વાંચો કે અનુભવની ગમે તેટલી પ્રશંસા કરો, પણ અંતરમાં જાત અનુભવ વગર ચૈતન્યના મહા આનંદનો સાચો સ્વાદ આવી શકતો નથી. માટે સમયસારમાં આચાર્યદેવે કહ્યું છે કે હે જીવ! અમે જે શુદ્ધઆત્મા બતાવીએ છીએ તે શુદ્ધાત્માને, તું માત્ર સાંભળીને નહિ–પણ તારા જાતઅનુભવથી પ્રમાણ કરજે, શ્રવણમાત્ર ન રાખીશ, અનુભવગમ્ય કરજે.

## ભવના છેદ માટેનો ભવ

જેને ચૈતન્યના પરમ આનંદની જ પિપાસા છે, જગતની બીજી કોઈ લપ જેના અંતરમાં નથી, અરે! અમારા ચૈતન્યનું અમૃત અમારા અંતરમાં જ છે એમ જેની જિજ્ઞાસાનો દોર આત્મા તરફ વળ્યો છે, એવા ભવ્ય જીવોના આનંદ માટે-હિતને માટે વીતરાગી સંતોએ શાસ્ત્રો રચ્યાં છે. તરતા પુરુષોએ મોક્ષને સાધતાં સાધતાં ને ભવને છેદતાં છેદતાં જે વાણી રચી તે વાણી ભવછેદક છે. મોક્ષાર્થી જીવ તે વાણી ઝીલી, આત્મા તરફ વળી, ભવનો છેદ કરીને પરમ આનંદને પામે છે.

હે જીવ! જ્ઞાનસ્વભાવવડે અધિક એવા તારા આત્માને જાણ તો તારા ભવનો છેદ થાય. ભાઈ રે, આવો મનુષ્યઅવતાર મળ્યો તેમાં જો તેં ભવના છેદનો ઉપાય ન કર્યો તો તેં શું કર્યું? આ ભવ, ભવના છેદ માટે જ છે. ચાર ગતિના ભવનો અભાવ કરવા માટે જ આ અવતાર છે. પરમ આનંદની પ્રાપ્તિનો પિપાસુ થઈને તું ભવછેદનો ઉપાય કર.

# આત્મસ્વભાવ તો આનંદના સ્વાદવાળો છે

## અશુભ કે શુભ સર્વે રાગક્રિયાઓ આત્મસ્વભાવથી વિપરીત છે, તેમાં આનંદનો સ્વાદ નથી, પણ દુઃખનો સ્વાદ છે.

[ વીર સં. વૈશાખ વદ ૮ મોક્ષપ્રાભૃત ગા. ૯૯ થી ૧૦૪ તથા કળશ ટીકાઃ ૩૪ ]

* જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેનું સંવેદન મોક્ષનું સાધન છે; ને રાગની શુભાશુભ–ક્રિયાઓ તેનાથી વિપરીત છે, તે બંધનું કારણ છે.

* જેટલી રાગક્રિયાઓ છે તે બધીયે આત્મસ્વભાવથી વિપરીત છે, તે મોક્ષનું કારણ કેમ થાય?

* આત્મસ્વભાવથી પ્રતિકૂળ એવી તે રાગક્રિયાઓની જેને રુચિ હોય, તેને જે મોક્ષનું સાધન માનતો હોય, તેને વૈરાગ્ય ક્યાંથી હોય? તે તો રાગક્રિયામાં જ લીન છે. તે જીવ ગમે તેટલી શુભરાગની ક્રિયાઓ કરે પણ મોક્ષના સાધનનું સેવન તેને જરાપણ નથી.

* અહા, જ્ઞાનમય આત્મસ્વભાવ, તેના આનંદનો સ્વાદ જેને આવે તેને રાગની રુચિ રહે નહિ. આનંદમય જ્ઞાનસ્વભાવ, તેને રાગની અપેક્ષા જરાય નથી; જ્ઞાનસ્વરૂપ આત્મા તો રાગ વગર જ જીવનારો છે.

* અરે બાપુ! તારા આત્મસ્વભાવના આનંદનો સ્વાદ જેમાં ન આવે એવી બાહ્યક્રિયાઓથી કે રાગથી તને શું લાભ છે? તેમાં મોક્ષનું સાધન કે આત્માની શાંતિ તો જરીયે નથી.

* તું વ્રત–ઉપવાસ ગમે તેટલા કર, પણ તારી ચેતના રાગથી ભિન્ન પડીને શાંતભાવરૂપે ન પરિણમે તો તને શું ફાયદો થયો? તને તો રાગનું ફળ મળ્યું એટલે દુઃખ મળ્યું ને સંસાર ફળ્યો; મોક્ષસુખ તો તને ન મળ્યું.

* ધર્મ તો તેને કહેવાય કે જેમાં ચૈતન્યતત્ત્વ પોતે આનંદરૂપ થઈને પરિણમે, રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને શુદ્ધોપયોગની શાંતિનો સ્વાદ જેણે ચાખ્યો છે, તેને મોક્ષના હેતુરૂપ જ્ઞાન–ચારિત્ર–વૈરાગ્ય વગેરે ઉત્તમ ગુણો પ્રગટે છે. એનાં વગરનાં બહારનાં જ્ઞાન–ચારિત્ર વગેરે બધું નિષ્ફળ છે, આત્માનું હિત તેમાં નથી.

* ચૈતન્યની શાંતિનું જે અપૂર્વ વેદન ધર્મીને થયું છે તે શરણરૂપ છે–મરણ પ્રસંગે પણ તે શરણ આપે છે. અહા, ચૈતન્યની શાંતિના અનુભવને યાદ કરતાં પણ ધર્મીનું અંતર સ્વભાવપ્રત્યે ઉલ્લસી જાય છે. અરે, ચૈતન્યની શાંતિના આ અનુભવ પાસે રાગની તે શું કિંમત છે! રાગ ભલે શુભ હો–પણ ચૈતન્યની શાંતિથી તો તેનો સ્વાદ વિપરીત છે.

* ભલે ઘણાં શાસ્ત્રો ભણ્યો ને વ્રતાદિનાં ઘણાં આચરણ કર્યા, પણ અંતરમાં ચૈતન્યભાવની શુદ્ધતા જો ન કરી તો તેનાં શાસ્ત્ર–ભણતર તે બધાં અજ્ઞાન છે, ને તેનાં આચરણ તે બધાં બાલચારિત્ર છે એટલે કે મિથ્યાઆચરણ છે.–તેમાં આત્માનું સુખ જરાય નથી.

* જે પરસન્મુખ ભણતર, ને પરસન્મુખઆચરણ, તેની શુભવૃત્તિમાં ઊંડેઊંડે અજ્ઞાનીને મીઠાસ રહી જાય છે, એટલે ચૈતન્યતત્ત્વની મીઠાસનો વીતરાગી સ્વાદ તેના અનુભવમાં આવતો નથી. અંતર્મુખ ચેતનસ્વભાવમાં જઈને જે જ્ઞાન ને આચરણ પ્રગટે તેમાં તો અપૂર્વ અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે.

* અહો, દિગંબર સંતોની વાણી ચોખ્ખી–નિર્દોષ, અને સીધી ચૈતન્યને સ્પર્શનારી છે. એકકોર સ્વદ્રવ્ય તરફની પરિણતિ, ને બીજીકોર પરદ્રવ્ય તરફની પરિણતિ,–બંનેની જાત જ તદ્ન જુદી છે; તદ્ન જુદા બે ભાગ પાડીને સંતોએ સમજાવ્યું છે. તે સમજતાં ભેદજ્ઞાન થઈને; રાગથી ભિન્ન ચૈતન્યશાંતિનું વેદન થાય છે.–તે જ મોક્ષનો માર્ગ છે.

* જુઓ, આ જૈનધર્મના સાધુ!–મોક્ષને સાધનારા સંત!–એમની દશા કેવી અદ્ભુત હોય છે! તે કહે છે. આત્માના અનુભવનું જે સ્વકીય શુદ્ધ અતીન્દ્રિયસુખ–તેના વેદનમાં તેઓ અતિશય અનુરક્ત છે, ને સમસ્ત પરદ્રવ્યોથી પરાંગ્મુખ, અત્યંત વૈરાગ્યપરાયણ છે; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–ધ્યાન વગેરે ગુણસમૂહથી જેમનો આત્મા વિભૂષિત છે–શોભે છે, હેય–ઉપાદેયનો જેને બરાબર નિશ્ચય છે, અને સદા

શુદ્ધતત્ત્વના ધ્યાન–અધ્યયનમાં જેઓ રત છે,–આવા શાંતરસમાં લીન મુનિવરો મોક્ષરૂપ ઉત્તમ સ્થાનને પામે છે.

* વાહ રે વાહ! મોક્ષના સાધક સંત! ધન્ય તારી દશા! આવા મુનિએ, અને અવિરતી–સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માએ પણ, પોતાનું શુદ્ધચેતનરૂપ સ્વદ્રવ્ય જ ઉપાદેયરૂપ છે–એવો નિશ્ચય કર્યો છે, ને જેટલા બહિર્મુખ રાગાદિ પરભાવો છે તે હેય છે–એમ નિશ્ચય કર્યો છે. આવા નિશ્ચય ઉપરાંત, મુનિઓ તો ચૈતન્યની અનુભૂતિમાં એવા લીન થયા છે કે વિષય–કષાયોથી એકદમ વિરક્તિ થઈ ગઈ છે; બાહ્યપદાર્થોથી એકદમ ઉપેક્ષા થઈને, પરિણતિ વૈરાગ્યમાં તત્પર થઈ ગઈ છે ને ચૈતન્યસુખમાં તલ્લીન થઈ છે.–અહા, એ દશાની શી વાત! એ તો મોક્ષપદની એકદમ નજીક વર્તે છે. એની ઓળખાણ પણ જગતને બહુ દુર્લભ છે. એનાં દર્શનની તો શી વાત!

* અહો, મોક્ષને સાધનારા મુનિવરોના અસંખ્ય આત્મપ્રદેશો સર્વત્ર અતીન્દ્રિય આનંદ વગેરે ગુણસમૂહથી ભરેલા છે; શરીર ભલે કદાચિત મેલું હોય; તે કાંઈ આત્માનું અંગ નથી; આત્મા તો રત્નત્રય વગેરે મહાન ગુણોથી સુશોભિત અંગવાળો છે; આવા ગુણથી શોભતા મુનિવરો સદાય જ્ઞાનભાવનામાં રત વર્તતા થકા ઉત્તમ પરમ પદને પામે છે, ૧૪ ગુણસ્થાનથી પાર એવા મોક્ષપદને પામે છે, સર્વોત્કૃષ્ટ શુદ્ધ સ્વભાવદશારૂપ સિદ્ધપદ પામીને લોકશિખરે બિરાજે છે. –આવી અલૌકિક મુનિદશા હોય છે; તે વંદનીય છે.–આ સિવાય બીજા ઉપાયથી મોક્ષ સાધવાનું માને, કે બીજી રીતે મુનિદશા માને તેને જૈનમાર્ગની ખબર નથી.

* અહો, ચૈતન્યતત્ત્વ! શાંત–શાંત અપાર ગંભીરતાથી ભરેલું છે, અપાર એનો મહિમા છે, તે વિકલ્પગમ્ય થઈ શકે નહિ, અંતર્મુખ થઈને અતીન્દ્રિય સ્વસંવેદનવડે જ ગમ્ય થાય એવું આ ચૈતન્યતત્ત્વ છે. જગતના મહાપુરુષો પણ તેને જ વંદે છે–સ્તવે છે–ધ્યાવે છે. તો હે ભવ્ય! તું પણ તારા અંતરમાં બિરાજમાન તે તત્ત્વને ધ્યાવને!

* ચૈતન્યપદની મહાનતા પાસે પુણ્યનાં પદ ટકી શકતાં નથી; પુણ્યથી જેને ઇન્દ્રપદ મળ્યું તે ઇન્દ્ર પણ ચૈતન્યપદ પાસે નમી જાય છે. અરે, તીર્થંકરો પણ આવા તત્ત્વને અંતરમાં ધ્યાવીને જ કેવળજ્ઞાન પામે છે.–પંચપરમેષ્ઠીપદ જેમાંથી પ્રગટે

છે એવું તારું તત્ત્વ, તેને જાણીને તેનું આરાધન કર.–સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, તપ એ બધુંય આત્મામાં જ છે, માટે આવા આત્માને જ શરણરૂપ જાણીને તેની આરાધના કર. અહા! ગણધરો ને મુનિવરો જેને ધ્યાવે એ ચૈતન્યતત્ત્વનો મહિમા કેવડો મોટો! અનુભવજ્ઞાનથી જ જેનો પાર પમાય–એવો એનો મહિમા છે. આવા આત્માને દેખાડનારું મહાશાસ્ત્ર જે સમયસાર, તેની સ્થાપનાનો આજે દિવસ છે. (સોનગઢના જૈન સ્વાધ્યાયમંદિરમાં સમયસારની સ્થાપનાને આજે વૈશાખ વદ આઠમે ૩૭મું વર્ષ બેઠું. અહો, આ સમયસાર આત્માને આનંદ દેનારું મહાશાસ્ત્ર છે, સમયસાર રચીને કુંદકુંદાચાર્યદેવે ભવ્યજીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. અને આજે ગુરુદેવ દ્વારા તેની મહાન પ્રભાવના થઈ રહી છે.)

## -ફેર નહિ આવના

પં. બનારસીદાસજીની વાત છેઃ મૃત્યુ સમયે તેમનો કંઠ રૂંધાઈ ગયો હતો, બોલી શકાતું ન હતું; તેઓ પોતાની અંતિમસ્થિતિ સમજીને નિજવિચારમાં નિમગ્ન હતા. એ સ્થિતિ લાંબો વખત ચાલી, ત્યારે કેટલાક લોકોને એમ લાગ્યું કે આમનો જીવ કુટુંબમાં ને ધનમાં ચોંટેલો છે, માટે કુટુંબને અને ધનને તેમની સમક્ષ હાજર કરો કે જેથી તેમનો દેહ શાંતિપૂર્વક છૂટે. પંડિતજી તેમના આ મૂર્ખવિચારને સહન કરી ન શક્યા...તેમણે ઈશારાથી પાટી-પેન મંગાવ્યા અને તેમાં લખ્યું-

ज्ञानकुतक्का हाथ मारि अरि मोहना, प्रगट्यो रूप स्वरूप अनंत सु सोहना।

जा परजैको अंत सत्य कर मानना, चलै बनारसीदास फेर नहिं आवना।।

ભેદજ્ઞાનરૂપી તલવાર હાથમાં લઈને અમે મોહશત્રુને મારી નાંખ્યો છે, ને અનંત સુખથી શોભતું નિજસ્વરૂપ પ્રગટ કર્યું છે; હવે ચોક્કસપણે સમજો કે આ દેહપર્યાયનો અંત કરીને બનારસીદાસ જાય છે, તે ફરીને આવા દેહમાં નહીં આવે.

# શ્રાવકનાં આચાર

**સદ્‌ગૃહસ્થ-શ્રાવકનાં આચાર કેવા સુંદર અને ધર્મથી શોભતા હોય તેનું થોડું થોડું વર્ણન આ વિભાગમાં આપીશું. અહીં સકલકીર્તિરચિત શ્રાવકાચારમાંથી કેટલુંક દોહન આપ્યું છે. સમ્યક્ત્વ પહેલાં પણ જિજ્ઞાસુના આચરણમાં ઘણી સૌમ્યતા તથા અહિંસા સત્ય વગેરેનો પ્રેમ હોય છે. સમ્યક્ત્વ પછી તો વીતરાગતાના અંશની તેને વૃદ્ધિ થતી જાય છે ને મુનિદશા તરફ તે પા-પા પગલી માંડે છે, ત્યારે તેના આચરણમાં ઘણી વિશુદ્ધતા થતી જાય છે. ચારેકોર ફેલાતા જતા ભ્રષ્ટાચારની વચ્ચે વીતરાગમાર્ગનું આવું ઉત્તમ આચરણ, તે દરિયામાં ડુબતા મનુષ્યને વહાણ સમાન છે. (-સં.)**

**હું શ્રી વૃષભજિનેશને વંદુ છું....તેઓ ધર્મના દાતાર છે, ધર્મના નાયક છે, જગતના નેતા છે ને ધર્મતીર્થના પ્રવર્તક છે. તેમને શા માટે નમું છું? ધર્મને માટે નમસ્કાર કરું છું.**

(આ રીતે વૃષભદેવને નમસ્કાર કરીને પછીના શ્લોકમાં શ્રી વર્દ્ધમાન જિનેશને તથા બાકીનાં તીર્થંકરોને, સિદ્ધોને, આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓને, શ્રુતજ્ઞાનરૂપ સરસ્વતીદેવીને તથા ગણધરોને નમસ્કાર કર્યા છે.)

જે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન સહિત હોય, શ્રાવકનાં આચારનું પાલન કરવામાં તત્પર હોય, બુદ્ધિમાન હોય અને સંવેગ તથા વૈરાગ્યથી સુશોભિત હોય તેને શ્રાવક કહીએ છીએ. એવો કોઈ શ્રાવક ધર્મશ્રવણની જિજ્ઞાસાથી, રત્નત્રયવડે શોભી રહેલા પરિગ્રહરહિત નિર્ગ્રંથ મુનિરાજને નમસ્કાર કરીને પૂછવા લાગ્યો કે હે ભગવાન! દુઃખથી ભરેલા આ અસાર સંસારમાં સારભૂત શું છે? તે કૃપા કરીને મને કહો.

શ્રીગુરુએ કહ્યું-હે વત્સ! ચારગતિરૂપ સંસારના ખારા સમુદ્રમાં જીવોને ગુણોથી શોભતું મનુષ્યપણું પામવું તે અત્યંત દુર્લભ અને સારરૂપ છે.

હે ભગવાન! આ મનુષ્યપણું પામીને પણ ખરૂં સારભૂત શું છે–કે જેનાથી આ મનુષ્યજન્મની સફળતા થાય?–તે મને કહો.

હે ભવ્ય! આ મનુષ્યજન્મમાં પણ સમ્યક્ત્વાદિ શ્રેષ્ઠ રત્નત્રયધર્મની પ્રાપ્તિ થવી તે જ પરમ સાર છે; તે ધર્મ જ સંસાર–સમુદ્રથી પાર કરનાર છે; તે સુખનો ભંડાર છે અને સ્વર્ગ–મોક્ષ દેનાર છે.

તે ધર્મ બે પ્રકારનો છે–મુનિધર્મ અને શ્રાવકધર્મ; તેમાંથી અહીં શ્રાવકધર્મનું વર્ણન છે.

જ્ઞાનીઓએ સોનાની જેમ દેવ–ગુરુ–સિદ્ધાંતની પરીક્ષા કરીને ધર્મનું ગ્રહણ કરવું જોઈએ.

શ્રાવકધર્મ સુગમ છે; ઘર–વ્યાપારનો ભાર ઉપાડતાં છતાં શ્રાવક તેને સુગમતાથી પાળી શકે છે. મુનિધર્મ મહાન છે, દીન મનુષ્યો તેનું પાલન કરી શકતાં નથી, ગૃહવાસમાં તેનું પાલન થઈ શકતું નથી.

જૈનધર્મ થોડો હોય તોપણ સારભૂત છે. આ જૈનધર્મના પ્રભાવથી જીવને, પાપ તો દૂર જ રહે છે, પણ પાસે નથી આવતું, સ્વર્ગ–મોક્ષની લક્ષ્મી સામેથી તેની પાસે દોડી આવે છે અને સદા તેને દેખ્યા કરે છે.

ધર્મ–સિંહાસન ઉપર બિરાજમાન જીવ પાસે ત્રણ લોકનું સુખ આવી જાય છે. આ શ્રેષ્ઠ ધર્મનું પાલન કરનારના હાથમાં ચિંતામણિ છે, તેના ઘરમાં કલ્પવૃક્ષ અને કામધેનુ છે.

જે જીવ સાક્ષાત્ ધર્મનું પાલન કરે છે તેને સુખ માટે બીજી કોઈ વસ્તુની જરૂર રહેતી નથી.

માટે આત્માનું હિત ચાહનારા જીવોએ અજ્ઞાન છોડીને સદા ધર્મનું જ પાલન કરવું જોઈએ.–જેથી સુખની અનુભૂતિ થાય.

જિનદેવની પૂજા, સાધુઓને દાન અને શાસ્ત્રની સ્વાધ્યાય એ શ્રાવકનાં મુખ્ય આચાર છે.

## ( પ્રશ્નોતર-શ્રાવકાચાર: બીજા અધ્યાયમાંથી )

રાગ–દ્વેષાદિ સમસ્ત દોષોને જીતનારા, પણ સ્વયં અજિત એવા ભગવાન અજિતનાથને નમસ્કાર કરીને શ્રાવકનાં વ્રત કહું છું; તે હે ભવ્ય! તું સાંભળ!

જેમ ઝાડનો આધાર તેનું મૂળ છે, તેમ સમસ્ત વ્રતોના આધારરૂપ મૂળ સમ્યગ્દર્શન છે. જેમ મૂળ વગર ઝાડ રહી શકતું નથી, તેમ સમ્યગ્દર્શન વગર કોઈ વ્રત હોઈ શકતું નથી.

માટે વિવેકી ગૃહસ્થોએ સૌથી પહેલાં બધા વ્રતોના સારભૂત સમ્યગ્દર્શન ધારણ કરવું જોઈએ; કેમકે સમ્યગ્દર્શનની સાથે સાથે હોનારાં વ્રત જ સમસ્ત પાપોને દૂર કરી શકે છે, એનાં વગરનાં વ્રતોથી પાપો દૂર થતાં નથી.

જીવાદિ સાતતત્ત્વોનું શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે; સમ્યગ્દર્શન ધારણ કરવા માટે જીવોએ તે તત્ત્વોનું જ્ઞાન જરૂર કરવું જોઈએ.

હે ભગવાન! તત્ત્વ કયા–કયા છે? તેમાં કેવા ગુણો છે? તેનું શું લક્ષણ છે? તેનું સ્વરૂપ મને કહો.

સાંભળ, હે બુદ્ધિમાન! સર્વજ્ઞના આગમમાં સાત તત્ત્વો કહ્યાં છેઃ જીવ–અજીવ, આસ્રવ–બંધ, સંવર–નિર્જરા–મોક્ષ (પુણ્ય અને પાપ બંનેનો સમાવેશ આસ્રવમાં થઈ જાય છે). જે ઉપયોગસ્વરૂપ છે, અને ઉપયોગરૂપ પોતાના ચૈતન્યપ્રાણથી ત્રણેકાળે સદા જીવે છે–ટકે છે–તે જીવ છે. તે અમૂર્ત છે; અશુદ્ધદશામાં તે કર્મનો કર્તા–ભોક્તા છે, શુદ્ધદશામાં તે કર્મનો કર્તા–ભોક્તા નથી, પોતાના આનંદાદિ સ્વધર્મનો જ કર્તા–ભોક્તા છે. તેનામાં સંકોચવિસ્તાર થવાની લાયકાત હોવા છતાં તે કાયમ લોક જેટલા અસંખ્યપ્રદેશી જ રહે છે. આવા જીવો જગતમાં અનંત છે. સંસારદશા અને સિદ્ધદશા એવી બે અવસ્થાઓ રૂપે તે પરિણમે છે. સંસારદશાનું કારણ પુણ્ય–પાપ–આસ્રવ ને બંધ છે. મોક્ષદશાનું કારણ સંવર ને નિર્જરા છે.

–આ પ્રમાણે સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે તત્ત્વનું સ્વરૂપ જાણવું જોઈએ.

અજીવ તત્ત્વના પાંચ ભેદ છે–

પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

પુદ્ગલ–પરમાણુઓ અનંતાનંત છે; મૂર્તિક છે એટલે સ્પર્શ–રસ વગેરે સહિત છે. આઠકર્મ શરીર વગેરે પુદ્ગલની રચના છે.

ધર્મ–અધર્મ તે બંને એકેક દ્રવ્ય છે; અમૂર્ત છે; લોકવ્યાપક અસંખ્યપ્રદેશી છે.

આકાશ અમૂર્ત છે, ક્ષેત્રસ્વભાવી સર્વવ્યાપક છે, અનંતાનંત પ્રદેશી છે.

કાળ અમૂર્ત છે, એક જ પ્રદેશી છે. લોકમાં સર્વત્ર એકેક પ્રદેશે એકેક કાલાણુદ્રવ્ય રહેલું છે.

જીવ–પુદ્‌ગલ સિવાયના ચારે દ્રવ્યો સદા સ્થિર રહેનારાં છે. જીવ અને પુદ્‌ગલો હલન–ચલન કરનારાં છે.

છએ દ્રવ્યો પોતપોતાનાં અનંત સ્વધર્મસહિત કાયમ ટકીને, પ્રતિક્ષણ પરિણમનશીલ છે, એટલે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વભાવી છે; કોઈ એ બનાવ્યા વગરનાં સ્વતંત્ર સત્‌ સ્વભાવી છે.

ચતુરપુરુષોને જૈનસિદ્ધાંત–અનુસાર આવા તત્ત્વોનું સાચું જ્ઞાન થાય છે.

કર્મના આસ્રવમાં સૌથી મુખ્ય કારણ મિથ્યાત્વ છે; તેનાથી જીવ સંસારમાં રખડે છે, ને દુઃખને અનુભવે છે. આવેલાં કર્મોની સ્થિતિ તે બંધ છે; અને કર્મોનું ખરી જવું તે નિર્જરા છે.

સર્વ કર્મના સંબંધ રહિત, જીવની પૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ છે; તે મહા આનંદરૂપ છે. મોક્ષ પામેલા જીવ ચારગતિના ભવમાં કદી અવતરતા નથી, અનંતકાળ સુધી સદાય મોક્ષ–સુખને જ અનુભવે છે. તેમનું સુખ સ્વભાવિક છે, ઉત્કૃષ્ટ છે, અનુપમ છે, અનંત છે, અછિન્નપણે નિરંતર રહેનારું છે.–અહો! તે મોક્ષસુખ સંતો દ્વારા મહા પ્રશંસનીય છે, ઇષ્ટ છે.

–આવા તત્ત્વોને જાણીને હે જીવો! તમે સમ્યગ્દર્શન કરો.

જો મિથ્યાત્વાદિ પાપ ન રોકાય, કે નષ્ટ ન થાય, તો વ્રત–તપ–ચારિત્રનું પાલન કે જ્ઞાનની વૃદ્ધિ–એ બધું વ્યર્થ, કલેશરૂપ છે.

જગતમાં જીવને તે જ સાચો મિત્ર છે તથા તે જ સાચો બંધુ છે કે જે તેને ધર્મસેવનમાં સહાયક થાય છે. ધર્મસેવનમાં જે વિઘ્ન કરનારા છે તે તો શત્રુ છે.

અહા, મુનિરાજ ભવ્યજીવોને ધર્મોપદેશરૂપી હાથનો સહારો દઈને પાપના મોટા સમુદ્રથી પાર કરે છે ને મોક્ષના માર્ગમાં લગાવે છે, તેઓ જ આ જીવના ખરા બાંધવ છે.

વધારે શું કહીએ! થોડામાં એટલું સમજી લ્યો કે જગતમાં જે કાંઈ બુરું છે–દુઃખ છે–દરિદ્રતા છે–નિંદા–અપમાન–રોગ–આધિ–વ્યાધિ છે તે બધુંય પાપથી જ ઉત્પન્ન થાય છે.

–માટે હે બુદ્ધિમાન! જો તું એ દુઃખોથી બચવા ચાહતો હો, ને સ્વર્ગ–મોક્ષના સુખને ચાહતો હો, તો બુદ્ધિપૂર્વક હિંસાદિ પાપોને છોડ....ને ઉત્તમક્ષમાદિ ધર્મોનું સેવન કર.

જીવોને દેવ–ગુરુ–શાસ્ત્રની સેવાનો ભાવ, સંસારથી વિરક્તિ અને મોક્ષમાર્ગ સાધવાનો ઉત્સાહ,–રત્નત્રયની ભાવના, કોઈ મહાન સદ્‌ભાગ્યથી જ પ્રાપ્ત થાય છે. અહા, હૃદય સદાય વૈરાગ્યથી ભરપૂર રહેવું, જ્ઞાનના અભ્યાસમાં સદા તત્પરતા રહેવી, સર્વે જીવો પ્રત્યે સમભાવ રહેવો–એ ત્રણ વાત મહાભાગ્યવાન જીવને જ પ્રાપ્ત થાય છે.

સમ્યગ્દર્શન વગરનાં દાન કે વ્રતથી ઉત્તમ પુણ્ય થતાં નથી, કે મોક્ષસાધન પણ થતું નથી–એમ ભગવાન જિનદેવે કહ્યું છે; માટે હે ભવ્યજીવ! તું મોક્ષને માટે સત્યજ્ઞાનનો અભ્યાસ કરીને પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કર. માત્ર પુણ્યના હેતુમાં ન અટક.

જે મુનિરાજ મોક્ષની પ્રાપ્તિમાં લાગ્યા રહે છે અને ઉત્તમજ્ઞાન–ચારિત્રથી સદા સુશોભિત રહે છે તેઓ, સંસાર વધારનારા પુણ્યને કદી ઈચ્છતા નથી.

સર્વજ્ઞકથિત જીવાદિ સાતતત્ત્વોની શ્રદ્ધા કરવાથી જીવને શંકાદિ સર્વદોષથી રહિત અને સુખથી ભરપૂર એવું સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. હે ભવ્યજીવ! આ સમ્યગ્દર્શન સર્વે તત્ત્વોમાં સારભૂત છે, અનેક દેવો તેની સેવા કરે છે, તે અતિશય વિશાળ–ગંભીર છે; અનંત જ્ઞાનાદિ પરમ ગુણોથી પવિત્ર, સર્વદોષરહિત અને સમસ્ત લોકાલોકના પ્રકાશક એવા તીર્થંકરપરમદેવે પણ સમ્યગ્દર્શનની પ્રશંસા કરી છે. માટે મોક્ષને અર્થે તું પણ નિઃશંકતાસહિત સમ્યગ્દર્શનનું સેવન કર...તેને અકંપપણે ધારણ કર. ( ચાલુ )

**જે શાંત અનાકુળ ચૈતન્યરસપણે સ્વાદમાં આવે તે જ આત્મા છે. તે જ ધર્મીનું સ્વ છે. તે જ જ્ઞાનીની અનુભૂતિનો વિષય છે; અને જે આકુળતાપણે વિકારપણે સ્વાદમાં આવે તે આત્મા નથી, તે ધર્મીનું ‘સ્વ’ નથી, તે જ્ઞાનીની અનુભૂતિથી બહાર રહી જાય છે. જુઓ, આ ભેદજ્ઞાન! અનુભવ વડે પરભાવોથી આવું ભેદજ્ઞાન થાય ત્યારે ધર્મની શરૂઆત થાય.**

## તારી હઠ છોડીને, અમે કહીએ છીએ તે રીતે આત્માને અનુભવમાં લે....તને અપૂર્વ આનંદ થશે.

**અનુભૂતિ વગરનો આત્મા શોભતો નથી; આત્મા પોતાની અનુભૂતિ સહિત જ શોભે છે...અનુભૂતિ કરવા માટે છ મહિના તેની પાછળ લાગ તો જરૂર તને તેની સાક્ષાત્ પ્રાપ્તિ થશે. અત્યારે તેનો અવસર છે.**

ચૈતન્યસ્વરૂપી આત્મા, અને રાગાદિ અન્યભાવો, તે બંનેનું અત્યંત સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવીને આચાર્યદેવ કહે છે કે હે જીવ! આવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરીને હવે તું મિથ્યાભાવોથી વિરમ! જડ-ચેતનની એકત્વબુદ્ધિની તારી હઠને હવે તું છોડી દે, અને જડથી ભિન્ન ચૈતન્યતત્ત્વને તારા અંતરમાં દેખીને તું આનંદિત થા.

દેહ-કર્મ-રાગાદિ તેને આત્મા સાથે એકમેક માનવા-અનુભવવા તે મિથ્યાત્વરૂપ હઠ છે, કેમકે તે આત્મારૂપ થતા તો નથી છતાં હઠથી અજ્ઞાની તેને આત્મા માને છે. અનાદિથી તે હઠથી તું દુઃખી થયો. અરે, હવે અમે તને સર્વપ્રકારે તે દેહાદિથી જુદું તારું ચૈતન્યતત્ત્વ બતાવ્યું, તેને અનુભવતાં અતીન્દ્રિયસુખ થાય છે તે પણ બતાવ્યું, તો હવે તું હઠ છોડીને, ખુશી થઈને-પ્રસન્ન થઈને, તારા ચૈતન્યસ્વરૂપ આત્માનું સ્વસંવેદન કર; દેહ અને રાગ વગરના ચૈતન્યની ઉપલબ્ધિથી તને પરમ અપૂર્વ આનંદ થશે. તને પોતાને તેની ખબર પડશે કે વાહ! આવું શુદ્ધ ચૈતન્યતત્ત્વ પૂર્વે કદી સ્વાદમાં નહોતું આવ્યું, ચૈતન્યભાવની આવી અપૂર્વ શાંતિ પૂર્વે કદી અનુભવમાં નહોતી આવી,-આમ મહાન આનંદસહિત તને ભેદજ્ઞાન થશે. જ્ઞાનનો વિલાસ આનંદરૂપ છે. જેમાં આનંદનો સ્વાદ ન આવે એને તે જ્ઞાન કોણ કહે?

અરેરે જીવ! તને તારા સ્વરૂપની અપ્રાપ્તિ-એ તે કાંઈ શોભે છે? આત્મા તો પોતાની અનુભૂતિસહિત જ શોભે; અનુભૂતિ વગરનો આત્મા શોભતો નથી. આત્માનો રસ લગાડીને છ મહિના તું તેના ભેદજ્ઞાનનો અભ્યાસ કર, તો તને તેની પ્રાપ્તિ થયા

વગર રહેશે નહિ; તેની પાછળ લાગ તો છ મહિના પહેલાં તેની પ્રાપ્તિ જરૂર થશે. અંતરમાં તેની પ્રાપ્તિ થતાં તારા ચૈતન્યનો અપૂર્વ વિલાસ તને સાક્ષાત્ દેખાશે, ને તેનું અતીન્દ્રિયસુખ અનુભવમાં આવશે.

આત્મતત્ત્વ કાંઈ એવું તો નથી કે અનુભવમાં તેની પ્રાપ્તિ ન થાય! અનંતા જીવો તેનો પ્રગટ અનુભવ કરીકરીને સિદ્ધપદને પામ્યા છે; વર્તમાનમાં પણ તેનો પ્રગટ અનુભવ કરનારા જીવો છે; તેનો તને કહે છે કે હે જીવ! આવા આત્માનો અનુભવ તું પણ કર. તે અનુભવ થઈ શકે તેવો છે. તે અનુભવની રીત અમે તને બતાવી, તો હવે તું પરમ ઉત્સાહથી તેનો અભ્યાસ કર, જગતની બીજી બધી ચિંતા છોડીને નિશ્ચિંતપણે તેની અંતરશોધમાં લાગી જા...તો અલ્પકાળમાં જ તને જરૂર તારા આત્માનો અનુભવ થશે... કોલકરારથી કહીએ છીએ કે આ રીતે કરવાથી આત્માનો અનુભવ થશે...થશે ને થશે. ન થાય એવી વાત જ નથી. અરે પોતાનું સ્વરૂપ, તેના અનુભવ વગર જીવવું–એ તે કાંઈ તને શોભે છે? નથી શોભતું. તો હવે શ્રીગુરુની દેશના પામીને તે અનુભવ કરવાનો આ અવસર છે, માટે તેની પાછળ એવો એકાગ્ર થઈને લાગ–કે છ મહિના પણ ન લાગે, ને તરત આત્માનો અનુભવ થાય. ભાઈ, અત્યારે આત્માનો અનુભવ નહિ કર તો ક્યારે કરીશ? અનંતકાળના ભવદુઃખથી આત્માને છોડાવવાનો આ અવસર છે, તું આ અવસરને ચુકીશ નહીં. આત્માના અપૂર્વ સુખને પામવાનો અવસર છે. તો હવે સર્વપ્રકારે નિશ્ચિત થઈને આત્માની શાંતિને સાધવામાં જ તારી બધી શક્તિને જોડ. કઠણ તો છે; પણ થઈ શકે તેવું છે. અવશ્ય તને તેની પ્રાપ્તિ થશે. અમે અંતરમાં તેની પ્રાપ્તિ કરીને તને કહીએ છીએ કે તું પણ આ રીતે તારા અંતરમાં તેની પ્રાપ્તિ કર.

આત્મા પોતે પોતાના સ્વસંવેદનથી અનુભવમાં આવે–એવો તેનો સ્વભાવ જ છે. બાપુ! તારા ઘરની વાત તને કેમ ન રુચે? ને તારાથી કેમ ન થાય? તેને રુચિમાં લઈને એવો પ્રયત્ન કર કે થોડા જ કાળમાં પ્રગટ અનુભવ થાય.–પણ અનુભવ માટે વચ્ચે બીજી વાત લાવીશ મા; જગતની ચિંતા છોડીને, નિભૃત–નિશ્ચલ–નિશ્ચિંત થઈને ચૈતન્યના રસનો સ્વાદ લેવામાં એકાગ્ર થઈને અત્યંત રસથી, તેમાં લાગ્યો રહેજે,–તો જરૂર તને ચૈતન્યરસનો પ્રગટ સ્વાદ આવશે. ને જડ સાથે તથા રાગ સાથે એકતાબુદ્ધિનો તારો મોહ ક્ષણમાં છૂટી જશે. રાગાદિથી અત્યંત ભિન્ન તારો ચૈતન્યવિલાસ દેખીને તને મહા આનંદ થશે કે વાહ! મારું તત્ત્વ આવું અદ્ભુત! આવું સુંદર! આવું શાંતરસથી ભરેલું!–રાગાદિવિકલ્પની જાત જ મારાથી તદ્દન જુદી છે.–આવું –ભેદજ્ઞાન કરતાં તારું પરમતત્ત્વ

તારામાં પ્રગટ દેખીનું તું ન્યાલ થઈ જઈશઃ ને તને એમ થશે કે–

“વાહ! શ્રીગુરુએ મારું ચૈતન્યતત્ત્વ બતાવીને પરમ ઉપકાર કર્યો.”

卐 卐 卐

# સમાધિમરણ માટે આત્માની આરાધના કરવાનો વૈરાગ્યરસઝરતો ઉત્તમ ઉપદેશ

શ્રી પંચપરમેષ્ઠી–ગુરુઓએ એમ બતાવ્યું કે હે ભવ્ય! જે આ જ્ઞાનસ્વરૂપ તારો આત્મા છે તેમાં જ પંચપરમેષ્ઠીપદ બિરાજે છે. પંચપરમેષ્ઠીનાં જે કેવળજ્ઞાનાદિ ગુણો, તે ગુણોનું પરિણમન આત્મામાં જ થાય છે, આત્મા જ એવી દશારૂપે પરિણમે છે.–માટે આવા આત્માને જાણીને તેનું જ શરણ તું લે. આત્માશ્રિત પરિણમન વડે મુનિદશા, અરિહંત–કેવળજ્ઞાનદશા ને સિદ્ધદશા પ્રગટ થઈ જશે. પંચપરમેષ્ઠીપદ આત્માની દશા છે, તેને બહારમાં ન શોધ; તે દશા થવાની તાકાત જેમાં ભરી છે એવા આત્મામાં જ શોધ. આવો આત્મા જ પરમાર્થે શરણરૂપ છે. તારાથી બહાર બીજા પંચપરમેષ્ઠીનું શરણું ખરેખર તને નથી, તેમનું શરણું તો વ્યવહારથી છે, તેમના આશ્રયે તો શુભરાગની ઉત્પત્તિ થશે, કાંઈ મોક્ષની ઉત્પત્તિ નહિ થાય. મોક્ષ તો સ્વદ્રવ્યના આશ્રયે જ થાય છે. પરદ્રવ્યાશ્રિત અશુદ્ધતા ને સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધતા,–જૈનધર્મનો આ મહાન સિદ્ધાંત છે; એટલે મોક્ષમાર્ગ સ્વદ્રવ્યના આશ્રયે જ સધાય છે; મોક્ષના હેતુરૂપ સમ્યગ્દર્શનાદિ કોઈ પણ ગુણ પરના આશ્રયે સધાતો નથી.

જુઓ તો ખરા, આ વીતરાગશાસન! પરથી અત્યંત નિરપેક્ષ, ને સ્વદ્રવ્યમાં સર્વથા અંતર્મુખ–એવો વીતરાગપંથ છે. માટે સ્વસન્મુખ થઈને શુદ્ધાત્માને ધ્યાવવો અનુભવવો;–એમ કરવાથી આત્મા પોતે જ પંચપરમેષ્ઠીપદરૂપે પરિણમી જાય છે. પરમઇષ્ટપદ એવો જે આત્મસ્વભાવ, તેમાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રવડે એકાગ્ર થઈને જે ઠર્યો તે પોતે પરમેષ્ઠી છે.–

અરિહંત–સિદ્ધ–આચાર્ય ને ઉપાધ્યાય–મુનિરાજ;
પંચપદ વ્યવહારથી, નિશ્ચયે આત્મામાં જ.

પંચપરમેષ્ઠીપદ એ કોઈ બાહ્ય ભેખમાં નથી રહેતું પણ આત્માની શુદ્ધપરિણતિમાં

જ પંચપરમેષ્ઠીપદ છે, એટલે નિશ્ચયથી ધર્મીજીવ પોતાના આત્માને જ પરમેષ્ઠીસ્વરૂપે ધ્યાવે છે; અને એવા સત્ ધ્યાનના ફળરૂપે તેને આનંદનો અનુભવ થાય છે.

અરે બાપુ ! તારું ચૈતન્યતત્ત્વ પંચપરમેષ્ઠીપદથી ભરેલું...તેમાં ઊંડે ઊતરીને શાંતિ શોધવાને બદલે તું બહારના રસમાં કેમ રોકાઈ ગયો ! અંદર ઊંડોઊંડો ઊતરીને આત્માની શાંતિનો જેણે અનુભવ કર્યો તેના અનુભવમાં પરમાર્થે પાંચે પરમેષ્ઠીનું ધ્યાન થઈ ગયું. 'સિદ્ધસમાન સદા પદ મેરો' એમ ધર્મી પોતાના આત્માને જ સિદ્ધસ્વરૂપે શુદ્ધ અનુભવે છે. અરે જીવ ! આવું ઉત્તમ તત્ત્વ સાંભળીને તું તેની ભાવના કર...તેમાં ઊંડે ઊતર...તો તને શાશ્વત રહેનારું ઉત્તમ સુખ થશે.

જ્યાં આત્મા પોતે શરણરૂપ થયો, પોતે મંગળરૂપ થયો, પોતે ઉત્તમ–પરમેષ્ઠીરૂપ થયો, ત્યાં બીજા કોનું શરણ લેવું છે ! દેહ જ્યારે વ્યાધિઓથી ઘેરાઈ જશે, શરીર છૂટવાની તૈયારી થશે, બહારમાં નિંદા–અપજશ વગેરે થશે, ત્યારે કોનું શરણ લેવા જઈશ ? અંદર ચૈતન્યતત્ત્વ પોતે શાંતિરૂપ છે, તેમાં ઊતરીને તેનું જેણે શરણ લીધું, તે તો ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે ચૈતન્યની શાંતિના નિર્વિકલ્પરસને પીતોપીતો આનંદસહિત દેહ છોડી દે છે. વાહ, ધન્ય છે એ દશા ! એની ભાવના કરવા જેવી છે. અરે, આવા સ્વતત્ત્વની ભાવના છોડીને દુનિયાનું જોવા કોણ રોકાય ? દુનિયા દુનિયામાં રહી, પોતાના આત્માની ભાવનામાં તે ક્યાં નડે છે ! કે ક્યાં મદદ કરે છે ? દુનિયામાં નિંદા થતી હોય તેથી આ જીવને સમાધિમરણમાં કાંઈ વાંધો આવી જાય–એમ નથી, તેમજ દુનિયામાં વખાણ થતા હોય તેથી આ જીવને સમાધિમરણ કરવાનું સહેલું પડે–એમ પણ નથી. પોતે પોતાના ચૈતન્યમાં અંતર્મુખ થઈને તેનું આરાધન કરે તેને જ સમાધિ થાય છે. સમાધિ એટલે અંદરની અતીન્દ્રિય શાંતિનું વેદન પોતાના આત્મામાંથી આવે છે, બહારથી નથી આવતું. માટે હે જીવ ! તું સદાય તારા આત્માની સન્મુખ થઈને, તેની ભાવના કર, તને ઉત્તમ આરાધનાસહિત મોક્ષસુખ પ્રાપ્ત થશે.

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનું મોટું ઝરણું છે. એનું જેને માહાત્મ્ય થયું તેની દ્રષ્ટિમાંથી પરનું, વિકારનું કે અલ્પતાનું માહાત્મ્ય ટળ્યું ને તેણે અનંત સુખના ધામ એવા આત્મામાં વાસ કર્યો; તેણે સ્વઘરમાં ખરૂં વાસ્તુ કર્યું.

# મહાવીરપ્રભુના મોક્ષનો મહોત્સવ

આપણા પરમ ઈષ્ટદેવ મહાવીરભગવાન...તેમના નિર્વાણમહોત્સવના આ અઢીહજારમા મહાનવર્ષમાં તેમના પ્રત્યે પવિત્ર અંજલિરૂપ લેખમાળાનો આ ત્રીજો લેખ છે. ( ગતાંક થી ચાલુ ) ( ૩ )

મહાવીર ભગવાને બતાવેલા માર્ગને સમજીને તેમાં ચાલવું–તે આપણું કર્તવ્ય છે. ભગવાને જગતના પદાર્થો અનાદિઅનંત બતાવ્યા છે. હું પણ એક આત્મા અનાદિઅનંત છું. મને કોઈએ બનાવ્યો નથી, તથા મારો કોઈ નાશ કરનાર નથી. હું મારા જ આશ્રયે રહીને મારું કલ્યાણ કરી શકવાની તાકાતવાળો છું.–આવો નિર્ણય તે આપણું પહેલું કર્તવ્ય છે.

ભગવાન મહાવીર આત્મજ્ઞાની, ગંભીર, વૈરાગ્યવંત અને નિર્ભય હતા. ડરવાનું તો તેઓના સ્વભાવમાં જ ન હતું. તેઓ વિવેકી અને શૂરવીર મહાપુરુષ હતા. તેમને ઓળખીને તેઓ જે માર્ગે ગયા તે માર્ગે આપણે જવાનું છે.

રાજકુમાર વર્દ્ધમાન યુવાન થતાં અનેક રાજવીઓ પોતાની રાજકન્યાના તેમની સાથે લગ્ન કરવા માટે પ્રસ્તાવ લઈને આવ્યા; એકના એક લાડીલા કુંવરને પરણાવીને લહાવો લેવાની માતા–પિતાને પણ ઘણી હોંશ હતી; માતા–પિતાએ ઘણું કહ્યું; પણ જે વૈરાગી મહાત્માનું ચિત્ત મોક્ષસુંદરીને સાધવામાં લાગેલું હોય તે બીજી કન્યા સાથે લગ્ન કરીને સંસારમાં કેમ પડે? ન મહાવીરે લગ્ન કર્યા, કે ન સંસારમાં રહ્યા, તેમણે તો મોક્ષસુંદરીને વરવાની દીક્ષા લઈને સંસાર છોડી દીધો...રાજપાટ છોડી દીધા ને મુનિ થયા. આ રીતે ભગવાન મહાવીરે આત્મસાધક જીવોને માટે એક મહાન આદર્શ આપ્યો. આત્માના સાધકને સંસારપ્રસંગ તો જેટલો ટૂંકો થાય તેટલો સારો. આત્માર્થીએ તો આત્માને સાધવામાં જ બધી શક્તિ કેન્દ્રિત કરવી જોઈએ. મહાવીરની માફક સંસારસુખ છોડીને આત્મસુખ મેળવવું તે આપણું કર્તવ્ય છે.

મુનિરાજ મહાવીર આત્મધ્યાનવડે સર્વજ્ઞ થયા...સર્વજ્ઞ થયા પછી તેમણે દિવ્ય ઉપદેશવડે જે અદ્‌ભુત આત્મતત્ત્વ સમજાવ્યું, તે સમજીને, ગૌતમ ઇન્દ્રભૂતિ–અગ્નિભૂતિ–વાયુભૂતિ વગેરે કેટલાય જીવો સર્વજ્ઞ થયા ને મોક્ષ પામ્યા; પછી સુધર્મસ્વામી, જંબુસ્વામી

વગેરે કેટલાય જીવો પણ સર્વજ્ઞ થઈને મોક્ષ પામ્યા. ત્યારપછી આજસુધીના અઢીહજાર વર્ષમાં તો, ભદ્રબાહુ–શ્રુતકેવળી, માઘનંદી, ધરસેન, ગુણધર, પુષ્પદંત–ભૂતબલી, જિનસેન, કુંદકુંદસ્વામી, ઉમાસ્વામી, સમંતભદ્રસ્વામી, પૂજ્યપાદસ્વામી, નેમિચંદ્રસિદ્ધાંતચક્રવર્તી, વીરસેનસ્વામી, અકલંકસ્વામી, વિદ્યાનંદીસ્વામી, અમૃતચંદ્રસ્વામી, પદ્મપ્રભસ્વામી વગેરે કેટલાય શ્રુતધારી મહાન સંતો વીરપ્રભુના જિનશાસનમાં પાકયા; તે સંતોએ મોક્ષમાર્ગ સાધીને જિનશાસનને શોભાવ્યું, ને આપણા માટે પણ મોક્ષમાર્ગનો અમૂલ્ય વીતરાગીવારસો મુકતા ગયા. અહા, આપણા કેવા મહાભાગ્ય...કે વીરપ્રભુનો આવો અદ્ભુત વારસો આપણને મળ્યો! તે સમજીને તેનો મહાન લાભ આપણે લેવાનો છે.

ભગવાન મહાવીરના શાસનમાં વસ્તુસ્વરૂપના જે સિદ્ધાંત સમજાવ્યા છે તેમાંથી થોડાક નીચે પ્રમાણે છે–

* આ જગતમાં ચેતનસ્વરૂપ આત્મા, અને ચેતન વગરના જડ પદાર્થો છે. તે બધા પદાર્થો જુદેજુદા પોતપોતાના સ્વભાવ–ધર્મોમાં જ રહે છે.
* આત્માઓ અનંતા છે; તે દરેક આત્મા જુદેજુદા છે; સ્વભાવથી બધા સરખા છે, નાના કે મોટા નથી. અવસ્થામાં નાના–મોટાપણું દેખીને કોઈ ઉપર રાગ–દ્વેષ કરવા નહીં. આજનો નાનો આત્મા પણ, કાલે પોતાના સ્વરૂપને સાધીને મોટો પરમાત્મા બની શકે છે.
* મહાવીરપ્રભુ જેવા આત્માના મહાન સ્વભાવને ઓળખીને આપણે પુરુષાર્થ કરીએ તો આપણે પણ ભગવાન થઈ શકીએ.–આવો લાભ આપણને મહાવીર ભગવાનની ઓળખાણથી થાય છે.
* ‘ભગવાન’ તે કાંઈ આત્માથી કોઈ જુદા હોતા નથી. જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કરે તે આત્મા પોતે ભગવાન થઈ જાય છે. જગતમાં ભગવાન એક જ નથી પણ અનંતા છે; ને ભગવાન થવાનો માર્ગ સદાય ખુલ્લો છે; એટલે આત્માને ઓળખીને જીવો નવા ભગવાન બની શકે છે. મહાવીરની માફક આપણે પણ પુરુષાર્થ કરીએ તો ભગવાન બની શકીએ.
* ભગવાન જગતની કોઈ પણ વસ્તુના કર્તા–હર્તા નથી; ને તેમને કોઈ પ્રત્યે રાગ–દ્વેષ નથી; તેઓ તો વીતરાગભાવે પોતાના જાણકસ્વભાવમાં રહીને, સદાકાળ ચૈતન્યસુખમાં લીન રહે છે. તેમને દુઃખ કે અવતાર હોતાં નથી. તેઓ જગતને બનાવતા નથી કે નાશ

પણ કરતા નથી; જગતને તેઓ માત્ર જાણે છે. જગતની કોઈપણ વસ્તુને ભગવાને બનાવી એમ કહેવું તે બહુ મોટી ભૂલ છે. જેમ ભગવાન જગતના કર્તા–હર્તા નથી તેમ આપણો જીવ પણ પોતાના ભાવ સિવાય જગતમાં બીજાનો કર્તા–હર્તા નથી,–એમ આપણે ઓળખવું જોઈએ. આવી ઓળખાણથી મોહનો નાશ થઈને વીતરાગભાવ પ્રગટે છે, તે અપૂર્વ ભાવ છે.

* જાણવાનો આપણા આત્માનો સ્વભાવ છે, પણ ક્રોધાદિ કષાય કરવાનો આત્માનો સ્વભાવ નથી. ક્રોધમાં દુઃખ છે, પણ જાણવામાં દુઃખ નથી; જાણવાના સ્વભાવમાં તો સુખ અને શાંતિ છે. આમ જ્ઞાનને અને કષાયને તદ્ન જુદા ઓળખીને ભેદજ્ઞાન કરવું તે ધર્મની રીત છે.
* જે જીવ આવું ભેદજ્ઞાન કરે, ને કષાયોને દુઃખરૂપ જાણે, તે જીવ હિંસા–જુઠું–ચોરી–મૈથુન કે પરિગ્રહ વગેરે પાપભાવોને કદી આદરે નહિ; તેમજ શુભરાગના કષાયભાવોને પણ તે સારા સમજે નહિ; કષાય વગરનું પોતાનું જ્ઞાન જ સૌથી સારૂં છે, તેમાં જ શાંતિ ને સુખ છે,–એમ સમજીને જ્ઞાનના અનુભવથી તે મોક્ષસુખને પામે છે.

આ રીતે રાગવગરના જ્ઞાનનો અનુભવ તે ભગવાન મહાવીરનો માર્ગ છે.

[ “ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।” **સમયસાર** ]

卐 जय महावीर 卐

* “મહાવીર–પરિવાર”માં બીજાં અનેક નામો આવ્યાં છે, તે આવતા અંકમાં આપીશું. ગતાંકમાં સૂચવેલા છ બોલનું પાલન કરવાનું આપ પણ હોંશથી સ્વીકારો ને જીવનમાં નવીન ભાવ પ્રગટાવવાનો લહાવો લ્યો. ‘વહેલો તે પહેલો’–તે ન્યાયે આત્મધર્મમાં અઢીહજાર નામ છપાશે, ત્યારપછી આવેલા વધુ નામો નહિ છપાય. છ બોલનું પાલન કરવાની સ્વીકૃતિ ( મોટા કે નાના, બહેન કે ભાઈ સૌ ) નીચેના સરનામે લખોઃ

**સંપાદક આત્મધર્મ, સોનગઢ સૌરાષ્ટ્ર 364250.**

* મહાવીર ભગવાનના નિર્વાણમહોત્સવના ૨૫૦૦ મા આ મહાન વર્ષમાં આપણે સૌએ સાથે હળીમળીને, આત્મહિત માટે ઘણુંઘણું કરવાનું છે, ને જૈનધર્મના ઊજ્વળ ઝંડાને જગતમાં સૌથી ઊંચે ફરકાવવાનો છે.
* બાલવિભાગ, વાંચકો સાથે વાતચીત, તેમજ બીજા લેખો આ અંકમાં આપી શક્યા નથી, તે આગામી અંકમાં આપીશું. આપના વિચારો, પ્રશ્નો, ભાવનાઓ લખી મોકલો.

❀ **ગઢડા શહેરમાં** જિનમંદિરમાં પાર્શ્વનાથ ભગવાનની વેદીપ્રતિષ્ઠા ગત વૈશાખ વદ બીજે હર્ષોલ્લાસપૂર્વક થઈ ગઈ, તેના ટૂંકા સમાચાર ગતાંકમાં આપી ગયા છીએ. વિશેષમાં, ગુરુદેવ વૈશાખ સુદ ૧૪ ગઢડા પધાર્યા ત્યારે ભવ્યસ્વાગત થયું; જિનેન્દ્રભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી. વાહનવહેવારની મુશ્કેલીઓ છતાં સાતસો જેટલા મહેમાનોએ આવીને ઉત્સવ શોભાવ્યો હતો; તે ઉપરાંત ગઢડાના જૈન–જૈનેતરોનો પણ સહકાર સારો હતો. દશ ઇન્દ્રોની સ્થાપના થઈ હતી, જેમાં પ્રથમ ઇન્દ્ર ભાઈશ્રી મનહરલાલ ધીરજલાલ (સુરત) હતા. ઝંડારોપણ વિધિ ભાઈશ્રી જયંતિલાલ હરિચંદ કામદાર (પ્રમુખ) ના હસ્તે થઈ હતી. મૂળનાયક પાર્શ્વનાથભગવાનને વેદી પર બિરાજમાન કરવાનો લાભ આફ્રિકાવાળા ભાઈશ્રી જેઠાલાલ દેવરાજે લીધો હતો. કળશ તથા ધ્વજારોહણનો લાભ અનુક્રમે મદ્રાસવાળા કાન્તિલાલ અમીચંદ કામદારે તથા સુરતના મનહરલાલ ધીરજલાલે લીધો હતો. પ્રવચનમાં સમયસારની ૭૨ મી ગાથા વંચાણી હતી, ને ઘણા જિજ્ઞાસુઓ લાભ લેતા હતા.

❀ **વઢવાણ શહેરમાં** બીજા ભવ્ય દિ. જૈનમંદિરના શિલાન્યાસનું મુહૂર્ત અષાડ સુદ ૮ ગુરુવાર તા. ૨૭–૬–૭૪ ના રોજ કરવાનું નક્કી થયું છે.

* ગતાંકમાં પૃ. ૩૯ ઉપરના લેખમાં નામ આ પ્રમાણે સુધારીને વાંચવું–
ગાંધી ચેતનાબેન તથા પ્રજ્ઞાબેન (નંદલાલ દામોદરદાસ) બોટાદ.


## પ્રવચનમાંથી આત્મબોધપ્રેરક પચ્ચીસી

આત્મહિતની પ્રેરણા આપતાં શ્રીગુરુ વારંવાર કહે છે કે–

૧. અહો, આ તો અંદરના ઊંડા મહા સુંદર ચૈતન્યતત્ત્વની વાત છે.
૨. આવા મહાન આત્માનો અનુભવ કરવો તે ધીરા પુરુષોનું કામ છે.
૩. હે જીવ! આત્માનો અનુભવ કરવાના આ ટાણે તું બહારના ઝગડામાં અટકીશ નહિ.
૪. અરે, હિતનું આવું ટાણું મળ્યું ત્યારે તારી શક્તિને જ્યાંત્યાં વેડફી દઈશ મા.
૫. આવો સરસ માર્ગ અત્યારે તને મળ્યો છે તો દુનિયા સામે જોવા રોકાઈશ મા.
૬. આ તો જેણે પોતાના આત્માનું કામ કરવું હોય–તેને માટે વાત છે.

૭. પોતાના ગુણનું ફળ પોતામાં આવે છે,–બીજાને બતાવવાનું શું કામ છે?
૮. દુનિયા ન ઓળખે તેથી કાંઈ ધર્મીને પોતાના ગુણનું ફળ ચાલ્યું જતું નથી.
૯. અને દુનિયા ઘણા વખાણ કરે તેથી કાંઈ પોતાને લાભ થઈ જતો નથી.
૧૦. તીર્થંકરોનો મહા દુર્લભમાર્ગ મહાભાગ્યે તારા હાથમાં આવ્યો છે, તો ચુકીશ મા.
૧૧. સુખના અખૂટ ભંડાર ભર્યા છે...તેમાંથી જોઈએ તેટલું સુખ લેને!
૧૨. અરે, પોતાના સુખના ભંડાર છોડીને મફતનો દુઃખી શા માટે થાય છે?
૧૩. દુઃખ તો બહુ ભોગવ્યા...હે જીવ! હવે બસ કર! હવે સુખનો સ્વાદ લે.
૧૪. તારા ચૈતન્યના અદ્‌ભુત શાંતરસને ચાખવા માટે બાહ્યવૃત્તિનો રસ છોડ.
૧૫. પરને જાણવાનો રસ છે તેને બદલે આત્માને જાણવાનો રસ કર.
૧૬. આત્માનો શાંતરસ ઘણો ગંભીર છે, તેને જાણવા સર્વથા અંતર્મુખ થા.
૧૭. સંતો તને 'ભગવાન' કહીને બોલાવે છે; તને પામરપણું શોભતું નથી.
૧૮. નજીવી વાતમાં રાગ–દ્વેષથી હર્ષિત કે ખેદિત થઈ જઈશ તો આત્માને ક્યારે સાધીશ?
૧૯. એકવાર ચૈતન્યનો, રાગવગરનો શાંતરસ ચાખ...તો જગતના બીજા બધાનો રસ છૂટી જશે.
૨૦. ધર્મીના અનુભવમાં ચૈતન્યવસ્તુ પોતાના પરમ–આનંદરસસહિત પ્રગટે છે.
૨૧. અજીવથી જુદો જીવ જાણતાં જ જીવનો સહજ આનંદરસ વેદનમાં આવે છે.
૨૨. જ્ઞાનપ્રકાશ ને રાગ અંધકાર–બંનેને કર્તાકર્મપણું નથી–નથી.
૨૩. જેમ ચેતનનું કામ જડ નથી, તેમ જ્ઞાનનું કામ રાગ–દ્વેષ નથી.
૨૪. જ્ઞાન અને રાગ બંનેનાં સ્વાદને જુદા જાણજે, એકબીજામાં ભેળવીશ નહિ.
૨૫. અહો, આવા જ્ઞાનસ્વરૂપના અનુભવનો આ અવસર છે...
હે જીવો! આત્મબોધ વડે તત્કાળ આવો અનુભવ કરો.

**( ઇતિ આત્મબોધપ્રેરક પચ્ચીસી )**




## સોનગઢ આવ્યા...પરમાગમ-મંદિર જોયું ....અને-

એક સજ્જન ગૃહસ્થ પાલીતાણા તીર્થયાત્રા કરીને પાછા ફરતા હતા...વચ્ચે સોનગઢ આવ્યું...દૂરથી ઊંચા ઊંચા ત્રણ શિખરોવાળું ભવ્યમંદિર દેખીને તે જોવાનું મન થયું...અંદર જઈને પરમાગમ-મંદિર જોયું...શાંત રસઝરતા વીરનાથ ભગવાનને દેખ્યા...યુરોપના મશીનથી આરસમાં ટંકોત્કીર્ણ લાલ-લીલા-સોનેરી અક્ષરવાળા જિનાગમ પણ દેખ્યા...શાસ્ત્રરચના કરી રહેલા આચાર્યભગવંતોને પણ દેખ્યા...અહા, શી ભવ્યતા! કેવા મજાના ભગવાન! ને કેવી સરસ જિનવાણી! કળામય સુશોભિત પરમાગમ-મંદિર દેખીને તે સજ્જન યાત્રિક ભાઈ એવા ખુશી અને પ્રભાવિત થયા કે આવું સરસ પરમાગમ-મંદિર બાંધનારા કારીગરો પ્રત્યે પણ તેમને પ્રેમ આવ્યો, ને મંદિરમાંથી બહાર નીકળતાં જેટલા કારીગરો મળ્યા તે દરેકના હાથમાં પાંચ-પાંચ રૂપિયાનું ઇનામ આપતા ગયા.

અહા, જે જિનાગમની બાહ્યશોભા દેખીને પણ સજ્જનોને આવો હર્ષ થાય, તે જિનાગમનું અંતરંગ હાર્દ સમજતાં જ્ઞાનીઓને જે મહા આનંદ થાય-તેની તો શી વાત!

"વાહ જિનાગમ વાહ! તમે તો આનંદના દાતાર છો."

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : જેઠ (૩૬૮)